
ધી શીઆ ઇમામી ઇસ્માઇલી તરીકા એન્ડ રિલિજીયસ એજયુકેશન બોર્ડ ફોર ઇન્ડિયા

ગીનાન-કસીદા મોડયુલ
(ડ્રાફ્ટ)

૨૦૧૧

(NOT FOR CIRCULATION)



ITREB India
Ginan Qasidah Module

I n d e x

SR. NO.	GINANS	PAGE NO.
1	સાહેબજી તું મોરે મન ભાવે	2
2	આએ રહેમ રહેમાન અબ તો રહેમ કરોગે	4
3	યા અલી ખૂબ મજાલિસ ઝીનત કરકે	6
4	જીરેવાલા ધનરે ઘડી જો દિન સંત પધાર્યા	8
5	એજી સામીકું આવંતા જો કહે	10
6	એજી અંબ તેરી મહોબત લાગી	12
7	હક તું પાક તું બાદશાહ	14
8	તારીએ તું તારણહાર ખુદાવંદ	16
9	એજી દૂર દેશથી આયો વણજારો	18
10	એજી નૂર વેળા નૂર પીયો	20
11	એજી કેસરી સિંહ સરૂપ ભુલાયો	22
12	એજી હેતે મિલીને સતે ચાલજો	24
13	એજી હેતેસું મીલોરે પનીવરો	26
14	એજી આશ તમારી શ્રી હો કાયમ સામી	28
15	એજી નવરોજના દિન સોહામણા	30
16	અનંત અખાડોના કેટલાક ચૂંટેલા પાઠ	32
17	મોમન ચેતામણીના કેટલાક ચૂંટેલા પાઠ	34
18	એજી હરદમ કરો અભિયાસ	36
19	એજી પરતક પાત્રને પરખીને	38
20	એજી દુનિયા સીરજીનો શાહ	40
21	મોટી વેનતીના કેટલાક ચૂંટેલા પાઠ	42
22	એજી આનંદ આનંદ કરિયો રિખીસરો	44
23	ચંદ્ર ગયા ગગન સૂરીજ જો ન હાટા	46
24	એજી સતગુર શ્રેવો તમે મધરાતે જાગો	48
25	કસીદા – યા ઇમામી યા ઇમામી	50

ઓ મૌલા ! તું જ મારા મનને ગમે છે. તારા સિવાય મારા હૃદયમાં અને મારા વિચારોમાં બીજા કોઈનો પણ ખયાલ નથી આવતો.
બીજો કોઈ મને ગમતો નથી. ઓ મૌલા ! તું જ મારા મનને ગમે છે.

ઓ મૌલા ! હું તારી પાસેથી જે પણ કાંઈ માંગું છું, તું મને તે એનાયત કરે છે; તું મને અનેક અને રીતે લાડ લડાવે છે. ઓ મૌલા ! તું જ મારા મનને ગમે છે.

ઓ સાહેલીઓ ! ચાલો આપણે મૌલા (દુલ્હા)ને જોવા જઈએ; તે મૌલા (પ્રિયતમ)ને મેં પ્રાપ્ત કરી લીધા છે. ઓ મૌલા ! તું જ મારા મનને ગમે છે.

ઓ ભાઈ ! જે પ્રિયતમ વિના એક ઘડી પણ પસાર કરવી મુશ્કેલ છે, તે પ્રિયતમ મારે ઘેર પધારી રહ્યા છે.

ઓ ભાઈ ! જેનો મૌલા આવો હોય તે દુ:ખી કેવી રીતે થઈ શકે ? ઓ મૌલા ! તું જ મારા મનને ગમે છે.

ઓ ભાઈ ! દયાળુ મૌલાને દોષ કઈ રીતે આપી શકાય ? જે પણ કંઈ કાર્યોથી નિર્ધારિત કરાયેલું છે તે તો મેળવવાનું જ છે. ઓ મૌલા ! તું જ મારા મનને ગમે છે.

રામ અને રહેમાન બન્ને એક જ ઇલાહી સ્વરૂપો છે. એ રહસ્યમય બાબતથી નાદાન લોકો અજાણ છે. ઓ મૌલા ! તું જ મારા મનને ગમે છે.

ઓ મૌલા સૈયદ મુહમ્મદ શાહ (રહ.) વિનવણી કરે છે કે હું તારા શરણમાં આવ્યો છું. હું તને છોડીને બીજા દ્વારે કેવી રીતે જઈ શકું ? ઓ મૌલા ! તું જ મારા મનને ગમે છે.

સાહેબજી તું મોરે મન ભાવે,
અવર મોરે ચીંત ન આવે,
દુજા મોરે મન ન ભાવે,
સાહેબજી તું મોરે મન ભાવે.

એજી જે જે માંગુ તે તુંહી દેવે,
એવા એવા લાડ લડાવે. સાહેબજી.

એજી ચાલો સાહેલી વર જોવા જઈએ,
સો પીયા મૈને માયા. સાહેબજી.

એજી જીસરે વીના ઘડી દોહેલી જાવે,
સો પીયા મોરે મીંદર આવે. સાહેબજી.

એજી જીસકા રે સાહેબ અર્યસા હોવે,
સો દુ:ખીયા કયું કર કહાવે. સાહેબજી.

એજી દોષ દયાલજીકુ કયું કર દીજે,
કરમે લીખીયા સોહી પાવે. સાહેબજી.

એજી રામ રહેમાન એક ગુસાંહીઆ,
મુરખ મરમ ન પાવે. સાહેબજી.

એજી બોલ્યા સૈયદ મહમદશાહ શરણ તુમારે,
તુજે છોડી દુજે દુવારે કહાં જાવે. સાહેબજી.


કૃપાળુ અને દયાળુ મૌલાનું આગમન થયું છે, હવે તેઓ મારા ઉપર
રહેમતની વર્ષા વરસાવશે.

ઓ ભાઈ ! તન, મન, ધન સાચા મુર્શીદને સમર્પિત કરો. આમ કરવાથી તમે
વધુ અને વધુ રૂહાની જ્ઞાન પ્રાપ્ત કરશો. ૧

ઓ ભાઈ ! હંમેશાં દાન સખાવત કરતા રહો અને જેટલી વધુ સખાવત કરતા રહેશો,
તેટલી તેમાં વધારે બરકતો થતી રહેશે. ૨

ઓ ભાઈ ! દરકેના હૃદયમાં એક જ દયાળુ (રહેમાન) દ્રશ્યમાન છે.
દરેક જગ્યાએ તેની જ ભવ્યતા વ્યાપ્ત છે. ૩

ઓ ભાઈ ! સૈયદા ઇમામ બેગમ (રહ.) ફરમાવે છે કે હસન શાહ (રહ.)
મારા પીર છે અને એ જ મારૂં ઇમાન છે. ૪



૨

આએ રહેમ રહેમાન અબ તો રહેમ કરોગે,
આએ રહેમ રહેમાન.

એજી તન મન ધન ગુરકું અરપણ કીજે,
તો ગિનાને ગિનાને ગિનાન અબ તો..... ૧.

એજી દાન સખાવત હરદમ કીજે,
તો દાને દાને દાન અબ તો..... ૨.

એજી સબ ઘટ એક જ રહેમાન દીસે,
તો શાને શાને શાન અબ તો..... ૩.

એજી કહેત ઇમામ બેંગમ મેરા પીર હસનશાહ,
તો ઇમાને ઇમાને ઇમાન અબ તો..... ૪.

ઓ અલી! ભવ્ય રીતે સજાવેલી મજલિસમાં, જ્યાં જમીન ઉપર ગાલીચા પથરાયેલા છે, ત્યાં રાજવી શાહ કરીમ તખ્ત ઉપર બિરાજમાન છે.

આજના દિવસે આપને આપનું રાજ્ય મુબારક હોજો! આપને આપનું રાજ્ય મુબારક હોજો! ઓ અલીની આંખોની રોશની, આપને આપનું રાજ્ય મુબારક હોજો! ઓ શાહ! ઓ નબીના વંશજ આપને આપનું રાજ્ય મુબારક હોજો! મુબારક, આપને આપનું રાજ્ય મુબારક હોજો! ૧

ઓ અલી! આપના દિદારનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત કરવા ભારતની સમગ્ર જમાત આવેલી છે. તેઓ (આપની હુઝુરમાં) અતિ નમ્રતાપૂર્વક નઝરાનાઓ અર્પણ કરે છે અને આપના ઉપર પોતાનાં જીવન ન્યોછાવર કરે છે. ૨

ઓ અલી! પ્રથમ દિવસથી જ આપના સદ્‌ભાગ્યના પ્રતાપે આપના ઉપર મહાનતાની નવાજેશ કરવામાં આવેલ છે. શાહ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.)ના મુખ મુબારકમાંથી આ શબ્દોનું ઉચ્ચારણ થયું, "શાહ કરીમ શાહ વાલી (મૌલા) છે." ૩

ઓ અલી! જો આપને શાહ તરીકેનું સંબોધન કરૂં તો એ યોગ્ય જ છે, કારણ કે આપની મુબારક પેશાની ઉપર બુલંદ સદ્‌ભાગ્યની નિશાની રહેલી છે. આટલી નાની વયમાં આપની ભવ્યતા અતિ ઉચ્ચ છે. તે આપની મહાનતાનું પ્રતીક છે. ૪

ઓ અલી! આપનું રાજવંશી તખ્ત અને છત્ર આપને મુબારક હોજો. ઓ ઝહરા (હઝરત બીબી ફાતિમા)ના પ્યારા વંશજ! અબૂલ હસન શાહમાંથી આપની કરણી, આપની શક્તિ ઉદ્‌ભવે છે, અને તે આપની ભવ્યતામાં અભિવૃદ્ધિ કરે છે. ૫

ઓ અલી! આપના તખ્ત અને છત્ર (મસ્નદનશીની)ના સમાચાર સાંભળીને આસ્માન ઉપરથી રોશનીની વર્ષા વરસી રહી છે. જન્નતની હુરાંઓ હાથોમાં મોતીઓના થાળ લઈ શાહને વધાવી રહી છે. ૬

ઓ અલી! મહેમાનગૃહમાં મોમિનો જ્યારે આ પ્રસંગની ઇદની જેમ ઉજવણી કરી રહ્યા હતા. ત્યારે તેઓ શમ્સી સલવાતો તેમજ દુ'આઓ પડવા લાગ્યા અને રૂહાની આનંદ માણવા લાગ્યા. ૭

ઓ અલી! આપને મુબારકબાદીઓ અર્પણ કરવા સૈયદ મુનાજાત (નમ્ર દુ'આઓ) ગુજારી રહ્યા છે. નજફના શાહ આપના રક્ષણહાર હોજો, અને આપના દુશ્મનોનો નાશ થજો. ૮

યા અલી ખૂબ મજાલિસ ઝીનત કરકે, ફરશ બીછાઇ ગાલી,
આન બયઠે હંય તખ્ત કે ઉપર, શાહ કરીમ શાહ વાલી,

આજ રાજ મુબારક હોવે, નૂર અએન અલીકું રાજ મુબારક હોવે,
શાહ આલે નબીકું રાજ મુબારક હોવે, હોવે હોવે આજ રાજ મુબારક હોવે. ૧.

યા અલી દીદાર લેનેકું આયે શાહ તેરી, હિંદી જમાએત સારી,
સિજદા બજાકર નજરાં દેવે, જાન અપનીકું વારી આજ..... ૨.

યા અલી તેરા નસીબા રોઝે અવ્વલસે, દેતા હયરે કમાલી,
શાહ સુલતાન શાહકે મુખમેંસે નીકલા, શાહ કરીમ શાહ વાલી આજ..... ૩.

યા અલી શાહ કહું તો તુજકું બજા હય, બખ્ત બુલંદ પેશાની,
છોટી ઉમરમેં આલી મરતબા, તાલુકી હય નિશાની આજ..... ૪.

યા અલી તખ્ત ને છત્ર તુજકું મુબારક, ઝહેરાજી કે પિયારે,
અબૂલ હસનશાહ કરણી સો તેરી, જન્નત આપ સંવારે આજ..... ૫.

યા અલી તખ્ત ને છત્ર સુનકે તેરે, ફલકસે બરસે નૂરાં,
મોતી તબાકા હાથુંમેં લેકર, શાહકું વધાવે હુરાં આજ..... ૬.

યા અલી મહેમાનખાનેમેં મોમનકું જબ, લાએ ઇદ મુસલ્લે,
શમ્સી જો સલવાત પઢ કર, મારફતકી ખુશિયાલી આજ..... ૭.

યા અલી તેરી મુબારકબાદીકે ખાતર, સૈયદ કરતે મુનાજાત,
શાહા નજફ તેરે પુશતપનાહ, તેરે દુશ્મન હોવે ફનાહ આજ..... ૮.

ઓ મારા વહાલા! એ ઘડી ધન્ય છે જે ઘડીએ સંતની, મૌલાની પધરામણી થયેલ છે, હું એ દિવસ ઉપર મારી જાતને ન્યોછાવર કરૂં છું. ઓ મારા વહાલા! તેમણે મારૂં ઘર અને મારૂં આંગણું પવિત્ર કરી દીધાં છે અને મારા પ્રાણ અને જીવનને સફળ બનાવી દીધાં છે.
ઓ મારા વહાલા! એ ઘડી ધન્ય છે જે ઘડીએ સંતની, મૌલાની પધરામણી થયેલ છે. ૧

ઓ મારા વહાલા! એ કર્તા હર્તા મૌલા જાણે છે, તેમ છતાં અજાણ હોવાનો ડોળ કરે છે; સિદ્ધપુરૂષની, મૌલાની સભા આનંદમય હોય છે. ઓ મારા વહાલા! પારસમણીના સ્પર્શથી લોખંડનો રંગ પરિવર્તિત થાય છે અને તેમાંથી ઝળહળતો પ્રકાશ રેલાવા માંડે છે.
ઓ મારા વહાલા! એ ઘડી ધન્ય છે જે ઘડીએ સંતની, મૌલાની પધરામણી થયેલ છે. ૨

ઓ મારા વહાલા! તે મૌલા નિમ્ન કક્ષાના (રાંક) લોકોના તારણહાર છે અને ભક્તોને સફળ બનાવનાર છે તેમજ અન્ય લોકો માટે તેઓ પરોપકારી છે. ઓ મારા વહાલા! વેદશાસ્ત્રો એ બાબતની સાબિતી પૂરી પાડે છે અને ગીતાના ગ્રંથમાં પણ તેમની પ્રશંસા કરવામાં આવી છે.
તે મૌલા આવા અકળ અસ્તિત્વના પ્રગટ સ્વરૂપ (મઝહર) છે.
ઓ મારા વહાલા! એ ઘડી ધન્ય છે જે ઘડીએ સંતની, મૌલાની પધરામણી થયેલ છે. ૩

ઓ મારા વહાલા! તે મૌલા શ્રેષ્ઠ નર (સુરીનર) હોવાથી તેમના ચરણની રજ લઈ લો. તેઓ ધર્મના માર્ગના સરદાર છે. ઓ મારા વહાલા! નાવિક સ્વરૂપે તેઓ જગતના તારણહાર છે. તેઓ ભયને નાબૂદ કરનાર અને કષ્ટોને દૂર કરનાર છે.
ઓ મારા વહાલા! એ ઘડી ધન્ય છે જે ઘડીએ સંતની, મૌલાની પધરામણી થયેલ છે. ૪

ઓ મારા વહાલા! તેના સિવાય નજાતનો અન્ય કોઈ માર્ગ નથી. તે જ નજાતનો દ્વાર છે.
ઓ મારા વહાલા! તે સંતપુરૂષને કોઈ તકલીફ થઈ શકતી નથી અને મૃત્યુના ફરિશ્તાઓ તેમની આગળ નિ:સહાય બની જાય છે.
ઓ મારા વહાલા! એ ઘડી ધન્ય છે જે ઘડીએ સંતની, મૌલાની પધરામણી થયેલ છે. ૫

ઓ મારા વહાલા! હઝરત અલી (અ.સ.)ના ગુણો અને તેમના આશીર્વાદો હંમેશાં મસ્તક ઉપર રહેલ છે અને યુગોથી તેમના શરણ થકી હું સફળ બનતો રહ્યો છું. ઓ મારા વહાલા! જાગૃત થનારના સદ્‌ભાગ્ય છે કે તેમને પીર સદરદીન (રહ.)ની સોહબત (બોધપાઠ)ના આશીર્વાદ પ્રાપ્ત થાય છે. સૈયદ મુહમ્મદશાહ (રહ.) તે બાબતની પુષ્ટિ અર્પે છે.
ઓ મારા વહાલા! એ ઘડી ધન્ય છે જે ઘડીએ સંતની, મૌલાની પધરામણી થયેલ છે. ૬

૪

જીરેવાલા ધનરે ઘડી જો દિન સંત પધાર્યા,
અલી મેં તા દિનકી બલીહારી;
રે વાલા ઘર આંગણ મારા પવિત્ર કીધાં,
વાલે મારે જીવ જન્મ સુધારી.
રે વાલા ધનરે ઘડી જો દિન સંત પધાર્યા. ૧

જીરેવાલા જાણ અજાણ ભયો કીરતારથ,
સાધ સભા સુખ કારી;
રે વાલા પારસ સ્પર્શે લોહા રંગ પલટે,
તો ઝગમગ જોત ઉજાળી.
રે વાલા ધનરે ઘડી..... ૨

જીરેવાલા અધમ ઓધારણ સંત સુધારણ,
પર આત્મા ઉપકારી;
રે વાલા વિદિત વેદ ગાય ગુણ ગીતા,
તો અકળ પુરૂષ અવતારી.
રે વાલા ધનરે ઘડી..... ૩

જીરે વાલા સંત ચરણ રજ સુરીનર ઈચ્છે,
ધર્મ રહા સીર ધારી;
રે વાલા નાવ રૂપે જુગ તારણ કરના,
ભવ ભય ભંજન હારી.
રે વાલા ધનરે ઘડી..... ૪

જીરે વાલા ઓર ઉપાય નહિ હય તરનકો,
યેહ હય તરનકી બારી;
રે વાલા ચોટ ન લાગે ઉસ સંતનકું,
તો જમડા રહ્યા જખ મારી.
રે વાલા ધનરે ઘડી..... ૫

જીરે વાલા અલી ગુણ સંત સદા સીર મોરે,
તો જુગા જુગ શરણ સુધારી;
રે વાલા જાગ્યા ભાગ્ય પીર સોહદેવ ભેટ્યા,
તો સૈયદ મુહમ્મદશાહ કરારી.
રે વાલા ધનરે ઘડી..... ૬

૫

ઓ મારા ભાઈ ! જે વ્યક્તિ મૌલાની પધરામણીનો ખુશીભર્યા સમાચાર આપે છે, તેને લાખો લાખો મુબારકીઓ હોજો. ઓ ભાઈ ! પાંચ સખી-સાહેલીઓનો પ્રિયતમ કોણે પ્રાપ્ત કર્યો છે ?

ઓ ભાઈ ! મૌલાની શોધમાં કેટલાય યુગો વીતી ગયા, કેટલાય જીવન વ્યતીત થઈ ગયાં ! ૧

ઓ મારા ભાઈ ! મૌલાની મુબારક ડોકને શોભાવતો જે હાર છે તેમાં હીરા, માણેક, રત્નો જડેલાં છે. મૌલા જેને ચાહે છે તે રત્નો તેને એનાયત કરે છે. મૌલા અતિ ઉદાર છે.

ઓ ભાઈ ! મૌલાની શોધમાં કેટલાય યુગો વીતી ગયા, કેટલાય જીવન વ્યતીત થઈ ગયાં ! ૨

ઓ મારા ભાઈ ! મારા મૌલા ઘણા જ હોશિયાર અને દીર્ઘ દ્રષ્ટિ ધરાવનાર છે. તેઓ શ્રેષ્ઠ વહીવટકર્તા છે. જમીન અને આસ્માનનું અસ્તિત્વ તેમના ઉપર નિર્ભર છે.

ઓ ભાઈ ! મૌલાની શોધમાં કેટલાય યુગો વીતી ગયા, કેટલાય જીવન વ્યતીત થઈ ગયાં ! ૩

ઓ મારા ભાઈ ! જેમની જ્યોત આ વિશ્વમાં ઝળહળે છે, હું તે મૌલાની દાસી છું. ચંદ્ર અને સૂર્ય એ હકીકતના સાક્ષી છે કે હું મારૂં દરેક પગલું તેમના આદેશથી ઉઠાવું છું.

ઓ ભાઈ ! મૌલાની શોધમાં કેટલાય યુગો વીતી ગયા, કેટલાય જીવન વ્યતીત થઈ ગયાં ! ૪

ઓ મારા ભાઈ ! પીર સદરદીન (રહ.) ફરમાવે છે કે વ્યક્તિએ પોતાના મનને સમજાવવું જોઈએ. કપડાં ધોવાથી શું ફાયદો મેળવી શકાય ? જે કોઈ પોતાના હૃદયને પવિત્ર કરે છે તેને જ ફાયદો હાંસલ થાય છે.

ઓ ભાઈ ! મૌલાની શોધમાં કેટલાય યુગો વીતી ગયા, કેટલાય જીવન વ્યતીત થઈ ગયાં ! ૫

૫

એજી સામીકું આવંતા જો કહે,
તાકું લાખ વધાઇ,
પાંચ સખી કેરો વાલમો કેને મિલીઓ રે ભાઈ,

સામીકું ઢુંઢતે દેખતે,
કેતા જુગ ગયા વીરા કેતા ભવ ભયા ૧.

એજી સામીકે ગલેમેં હાર હય,
હીરા માણેક જડિયા,
જાકું ભાવે તાકું દેત હય,
સાહેબ હય દિલ દરિયા સામીકું.....૨.

એજી સામી મારો ચતુર સુજાણ હય,
આપે સેષ્ટ દીવાન,
જીસકે ભરોસે થિર રહેઆ,
રહેઆ જમીન આસમાન સામીકું..... ૩.

એજી જાકી હી જુગમે જોત હય,
મેં હું બંદીરે તાકી,
વચને વચને પાઉ ભરું,
ચંદા સૂરજ સાંખી સામીકું.....૪.

એજી પીર સદરદીન બોલીઆ,
કોઇ મન આપણું સમજાવે,
કપડા ધોવે સો ક્યા હુઆ,
દિલ ધોવે સો પાવે સામીકું.....૫.

ઓ મારા મૌલા ! હવે મારા દિલમાં તારા પ્રતિ પ્રેમ ઉદ્‌ભવ થયો છે. મારા હૃદયમાં
તારા પ્રતિ પ્રેમ પ્રગટ થયો છે. તારી દ્રષ્ટિનો મારી દ્રષ્ટિથી મિલાપ કર. ૧

ઓ મારા મૌલા ! પરદો દૂર કરી મારી સન્મુખ દ્રષ્ટિ કર.
તારા મલકાતા ચહેરાની અમી દ્રષ્ટિની મારા ઉપર નવાજેશ ફરમાવ. ૨

ઓ મારા મૌલા પીર શમ્સ (રહ.) તારા દીદારની પ્યાસ ધરાવે છે.
મને તારા પવિત્ર દીદારની નવાજેશ ફરમાવ. ૩

ઓ મારા મૌલા ! મારાથી તું નારાજ થતો નહિ
અને મને તારી સાથે રહેવા દેવાની કૃપા ફરમાવ. ૪

ઓ મારા મૌલા ! આ દીવાનગી ભરી યુવાની હંમેશા ટકી રહેનાર નથી.
તે નદીના પ્રવાહિત વહેણની જેમ વહી જશે. ૫

ઓ મારા મૌલા ! તારો આ આશિક (પ્રેમી) તારી સાથે જ રહેશે.
તારા હૃદયમાં મારા પ્રતિ પ્રેમનું સર્જન કરવાની મહેરબાની ફરમાવ. ૬

ઓ મારા મૌલા ! ઓ મંત્રમુગ્ધ કરી દેનાર ! ઓ મોહકતા ધરાવનાર ! સાંભળ.
તારા હૃદયમાં મારા પ્રતિ કૃપાનું સર્જન કરવાની મહેરબાની ફરમાવ. ૭

ઓ મારા મૌલા ! ઓ ચપળ ! ઓ ચાલાક ! ઓ મદ્‌હોશ કરી દેનાર અને આકર્ષક
યુવાની ધરાવનાર ! તારા હૃદયમાં મારા પ્રતિ પ્રેમનું સર્જન કરવાની મહેરબાની ફરમાવ. ૮

ઓ મારા મૌલા ! હું આપના રહસ્યનો દિવાનો છું, મોહિત છું.
પ્રેમે મારી અક્કલને ભુલાવી દીધેલ છે. ૯

ઓ મારા મૌલા ! પીર શમ્સ (રહ.) ફરમાવે છે કે જ્યારે મને તારા ચહેરા મુબારકના
દીદાર થયા ત્યારે મારૂં હૃદય ખુશીઓથી ભરપૂર બની ગયું. ૧૦

એજી અબ તેરી,મહોબત,લાગી,
દિલ મેરે,મહોબત લાગી,
નેનુંસે નેન મિલાવો,મેરે સાહેબ.....૧

એજી ખોલો પરદા,સનમુખ,દેખો,
હસ હસ,મુખ દીખલાવો,મેરે સાહેબ,.....૨

એજી તેરી સુરતકા પીર શમસ પિયાસા,
દરશન દાન દીલાવો,મેરે સાહેબ,.....૩

એજી હમસું રીસ,ન કરીએ ઓ પિયારા,
હમકુ સંગ ચલાવો મેરે સાહેબ,.....૪

એજી જુવાની,દીવાની સો કુછ ન નીભેગી,
જ્યું નદીયુંકા,નીર ચલાવો મેરે સાહેબ,.....૫

એજી આશક તેરા,તેરે સાથ,ચલેગા,
દોસ્તી,દિલ બીચ લાવો મેરે સાહેબ,.....૬

એજી છેલ છબીલા એ સુનો અલબેલા,
મયા તું,મન બીચ લાવો મેરે સાહેબ,.....૭

એજી ચંચલ ચાલા એ જોબન મતવાલા,
મહોબત,મનમેં લાવો મેરે સાહેબ,.....૮

એજી તેરી રઝકા,પિયા મૈં હું દીવાના,
ઇશ્ક,અકલ,ભૂલાયા મેરે સાહેબ,.....૯

એજી મુખડા,દેખિયા,તબ મન,હરખ્યા,
પીર શમસ,કંથી,સુણાયા મેરે સાહેબ,.....૧૦

૭

તું સત્ય છો, તું પવિત્ર છો, તું બાદશાહ છો,
મહેરબાન પણ તું જ છો. ઓ અલી ! માત્ર તુંહી તું જ છો. ૧

તું રબ્બ છો. તું રહેમાન છો, ઓ અલી ! તુ પ્રથમ અને અંતિમ છો,
તું ઇન્સાફ કરનાર છો. ઓ અલી ! માત્ર તુંહી તું જ છો. ૨

તેં સર્જન કર્યું છે, તેં પોષણ કર્યું છે. બેશક સર્જનહાર તું જ છો.
ઓ અલી ! માત્ર તુંહી તું જ છો. ૩

જળ અને પૃથ્વી-ની આધારશીલા-ની વ્યવસ્થિત ગોઠવણી કરનાર તું જ છો.
બેશક અમ્ર (હુકમ) તારો જ છે. ઓ અલી ! માત્ર તુંહી તું જ છો. ૪

તારા પ્રેમમાં પીર શમ્સ (રહ.) ફરમાવે છે:
"હું આપનો બંદો છું." ઓ અલી ! માત્ર તુંહી તું જ છો. ૫

૭

હક તું પાક તું બાદશાહ,
મહેરબાન ભી અલી તુંહી તું. ૧.

રબ તું રહેમાન તું,
અલી અવલ આખર કાઝી તુંહી તું. ૨.

તેં ઉપાયા તેં નિપાયા,
સીરજણહાર ભી અલી તુંહી તું. ૩.

જલ થલ મૂલ મંડણહરિના,
અલી હુકમ તેરા ભી તુંહી તું. ૪.

તેરી દોસ્તીમેં બોલ્યા પીર શમ્સ,
અહેં બંદા તેરા યા અલી તુંહી તું. ૫.

૮

ઓ મૌલા ! અમને ઉગારી લેજે, કારણ કે ઉગારનાર, તારનાર માત્ર તું જ છો.
તારા સિવાય અન્ય કોઈ તારનાર નથી. ઓ અલી ! માત્ર તુંહી તું જ છો. ૧

ઓ મૌલા ! ક્ષણવારમાં તેં સૂર્ય, ચંદ્રમા અને સિતારાઓનું એવી રીતે સર્જન કર્યું છે કે
જાણે અંધકાર કદીયે હતો જ નહિ. ઓ અલી ! માત્ર તુંહી તું જ છો. ૨

ઓ મૌલા ! માનવીના મૃત્યુના સમયે ન તો તેની માતા કે ન તો તેના પિતા તેની સંગાથે આવે છે.
ઓ અલી ! માત્ર તુંહી તું જ છો. ૩

ઓ મૌલા ! ઇલાહી ઇન્સાફના દિવસે ન તો પુત્રી કે ન પુત્ર તમને સહાય કરશે. આ દુનિયાનો
પ્રેમ તમને નજાત અપાવવામાં સહાયકર્તા બનશે નહિ. ઓ અલી ! માત્ર તુંહી તું જ છો. ૪

ઓ મૌલા ! સત્યવાદી માનવીના નેક આમાલ તેનો નેક બદલો બની રહેશે.
માનવીએ પોતાના હાથેથી જે કાંઈ (દાન-સખાવત) આપેલ છે. તેના માટે મૌલા
તેને આગળ જતાં બદલો આપશે. ઓ અલી ! માત્ર તુંહી તું જ છો. ૫

ઓ મૌલા ! મારો સત્યવાદી મૌલા દુલદુલ ઘોડા ઉપર સવાર થશે.
તે ઘોડાની પલાણ હીરા અને મોતીઓથી જડેલી હશે. ઓ અલી ! માત્ર તુંહી તું જ છો. ૬

ઓ મૌલા ! પીર સદરદીન (રહ.) ફરમાવે છે કે ઓ મૌલા ! હું આપની પનાહ (શરણ)માં આવ્યો છું,
કારણ કે આપના વિના નજાત શક્ય નથી. ઓ અલી ! માત્ર તુંહી તું જ છો. ૭

૮

તારીએ તું તારણહાર ખુદાવંદ,
અવર ન તારે દુજા કોઇ અલી તુંહી તુંહી તુંહી. ૧.

ખણમેં કીના રવિરસ ભાણાં,
ધંધુકાર ન, હોય અલી તુંહી તુંહી તુંહી. ૨.

એજી માઇ કીસીકી ને બાપ કીસીકા,
જીવડે સંગ ન કોઇ અલી તુંહી તુંહી તુંહી. ૩.

એજી ધીઅ કીસીકી ને પુત્ર કીસીકા,
માયા મોખ ન, હોય અલી તુંહી તુંહી તુંહી. ૪.

એજી સચેજો સમરથ આગો સામી,
હથે દીનુ ફલ, સોહી અલી તુંહી તુંહી તુંહી. ૫.

દુલ દુલ ઘોડે સચો સામી રાજો ચડશે,
પાગડે રતન જડાએ અલી તુંહી તુંહી તુંહી. ૬.

ભણે પીર સદરદીન સાહેબ તેરે શરણે,
મૌલા વીના મોખ ન હોય અલી તુંહી તુંહી તુંહી. ૭.

ઓ વણજારા ! તું ઘણા જ દૂરના સ્થળેથી આવ્યો છે,
મૌલાના સાથે મળીને વ્યાપાર કર. ૧

ઓ ભાઈ ! સૂતાં, બેસતાં અને ચાલતાં
મૌલાના નામનું સ્મરણ કરતા રહો ૨

ઓ ભાઈ ! તમારા ઘરમાં જે સૌથી વધુ મૂલ્યવાન વસ્તુ હોય
તે મૌલાના નામે અર્પણ કર. ૩

ઓ ભાઈ ! જો તમે એક પણ દાણો મૌલાના નામે અર્પણ કરશો તો
આખરતમાં તેનો અગણિત બદલો, સવા લાખ ગણો વધારે મેળવશો ૪

ઓ ભાઈ ! આંધળા મનુષ્યને ચંદ્રમા દેખાતો નથી.
તેને શાબ્દિક રીતે સમજાવવામાં આવે તો પણ વિશ્વાસ બેસતો નથી ૫

ઓ ભાઈ ! જો તમે કોઈ વ્યક્તિને બૂરું કાર્ય કરતાં જુઓ તો પણ તેને દોષ આપવો જોઈએ નહિ,
તો પછી જોયા વગર કોઈને કેમ દોષ આપી શકાય ? ૬

ઓ ભાઈ ! બીજા લોકોની નિંદા કરનાર વ્યક્તિનો જગતમાં સૌ કોઈ તિરસ્કાર કરે છે
અને તે વ્યક્તિ માથાથી લઈને પગ સુધી (સંપૂર્ણપણે) નર્કમાં જનાર છે. ૭

ઓ ભાઈ ! વણજારો પોતાની સાથે હીરા અને મોતીઓ લઈ આવ્યો છે.
આ હીરા અને મોતીઓમાંથી પસંદગી કરી લો. ૮

ઓ ભાઈ ! જે લોકો હીરા અને મોતીઓને છોડી દે છે અને કાંચનો વ્યાપાર કરે છે,
તેમની સાથે તમે વણજ-વ્યાપાર કરશો નહિ. ૯

ઓ ભાઈ ! એવી દુકાન (ધરાવનાર) સાથે તમે વણજ-વ્યાપાર કરશો નહિ,
જે દુકાનમાં થોડી વખરી (વેંચાણની વસ્તુઓ) હોય. ૧૦

ઓ ભાઈ ! એવી ઉત્તમ અને પવિત્ર કમાઈ કરો કે
અગ્નિ તેને બાળી શકે નહિ, પવન તેને ડોલાવી શકે નહિ,
પાણી તેને ડૂબાડી શકે નહિ અને
રાજા તેની પાસેથી કોઈ દંડ લઈ શકે નહિ. ૧૧

ઓ ભાઈ ! મારો મૌલા રાજા પોતાનો ખજાનો ખુલ્લો મૂકીને બેઠો છે,
તે નાના મોટા સૌની પુકાર સાંભળે છે. ૧૨

ઓ ભાઈ ! મારો મૌલા રાજા તરાજુ લઈને બેઠો છે, તેની પાસે (વણજ-વેપારની વસ્તુઓ)
લઈ આવો કે જેથી તેની કિમતનું મૂલ્યાંકન કરી શકાય. ૧૩

ઓ ભાઈ ! પીર હસનશાહ (રહ.) હિકમતથી ભરેલું આ ગિનાન ફરમાવે છે અને
તેઓ ફરમાવે છે કે મારા મૌલા રાજાને સાચા કરીને માનજો. ૧૪

૯

એજી દૂર દેશથી આયો વણજારો,
શાહ મીલ સોદા,કીજીયેજી. ૧.

એજી સૂતે બેઠે ભાઇ રાહ ચલંતેજી,
નામ સાહેબજીકો લીજિયેજી. ૨.

એજી જો ઘર હોવે ભાઇ વસ્ત પિયારી,
સો નામ સાહેબજીકો,દીજિયેજી. ૩.

એજી એક કણ નામ,સાહેબજીકે દીજેજી,
તો પલત્ર સવી લાખ,લીજિયેજી. ૪.

એજી અંધલેકું ચંદર યારા નજર ન આવેજી,
કહેણાં સોહી ન પતીજિયેજી. ૫.

એજી દીઠડા દોષ ભાઇ કીસકું ન દીજે,
તો અણ દીઠા કિયું કર દીજિયેજી. ૬.

એજી પર નિંદા ભાઇ જગત ખુવારીજી,
સીર પાઉ નરગે પડીજિયેજી. ૭.

એજી માણક લઇને વણજારો આયોજી,
માણક તિસ ચૂણી લીજિયેજી. ૮.

એજી માણક છોડી,જે કંચ વણજંન,
તાસે લાઓ ન લીજિયેજી. ૯.

એજી જીસ હટી મેં ભાઈ વખર થોડા,
તિન સાણ વણજ ન કીજિયેજી. ૧૦.

એજી આછી આછી કરણી કમાવો મેરે ભાઇ,
તો અગન ન બાળે, પવન ન ડોલે,
પાણી ન બોળે,
રાજા બી દંડ ન દીજિયેજી. ૧૧.

એજી ખોલી ભંડાર મારો સામી રાજો બેઠા,
ઊંચ નીચકા શબદ સુણીજિયેજી. ૧૨.

એજી લઇ તરાજુ મારો સાહેબ રાજો બેઠા,
લાવો તો મૂલ કરીજિયેજી. ૧૩.

એજી એ ગિનાન મહારસ પીર ગોકતે હસનશાહ,
સામી રાજો સીદક પતીજિયેજી. ૧૪.

૧૦

ઓ ભાઈ ! નૂરાની વેળાએ નૂરનું અમીપાન કરો અને તમારા હૃદયમાં આનંદ મનાવો
તેમજ સવારની વહેલી પળોમાં તમારા મૌલા સાથે સંબંધ સ્થાપિત કરો.

ઓ ભાઈ ! જાગૃત થાઓ, રાત્રિ સમાપ્ત થઈ રહી છે.
ઓ મોમિનો ! સાવધાન રહો, રાત્રિ સમાપ્ત થઈ રહી છે. ૧

ઓ ભાઈ ! નાહી ધોઈને પોતાને પવિત્ર બનાવી લઈને તમારા પરવરદિગારનું
સ્મરણ કરો અને ખોટા પ્રકારના નહાવા ધોવાથી તમારી જાતને દૂર રાખો.
જાગૃત થાઓ, રાત્રિ સમાપ્ત થઈ રહી છે.
ઓ મોમિનો ! સાવધાન રહો, રાત્રિ સમાપ્ત થઈ રહી છે. ૨

ઓ ભાઈ ! ઉત્તમ અને અવર્ણનિય મહેમાન મૌલાનું સ્મરણ કરો.
તેના સિવાય બીજા બધા ભૂત-પ્રેતના રહેઠાણો છે.
જાગૃત થાઓ, રાત્રિ સમાપ્ત થઈ રહી છે.
ઓ મોમિનો ! સાવધાન રહો, રાત્રિ સમાપ્ત થઈ રહી છે. ૩

ઓ ભાઈ ! રાત્રિના ભાગમાં જ્યારે અંતિમ છ ઘડીઓ (એક ઘડી = ચોવીસ મિનીટ)
બાકી રહે ત્યારે જાગૃત બનીને તમારા અલખ (અવર્ણનીય અલ્લાહ)નું સ્મરણ કરો.
જાગૃત થાઓ, રાત્રિ સમાપ્ત થઈ રહી છે.
ઓ મોમિનો ! સાવધાન રહો, રાત્રિ સમાપ્ત થઈ રહી છે. ૪

ઓ ભાઈ ! પીર સદરદીન ફરમાવે છે કે આ યુગ રાત્રિના અંતિમ ભાગ સમાન છે.
ભાગ્યે જ કોઈ વિરલા વ્યક્તિઓ હકીકતના આ માર્ગને જાણી શકે છે.
જાગૃત થાઓ, રાત્રિ સમાપ્ત થઈ રહી છે.
ઓ મોમિનો ! સાવધાન રહો, રાત્રિ સમાપ્ત થઈ રહી છે. ૫

૧૦

એજી નૂર વેળા નૂર પીયો,
કરીઓ મન આનંદજી,
પોપ વેળા રાખો શાહ,પીરસું સંબંધજી,

તમે જાગો જાગો ભાઇડા રયણ વિયાણિયાજી,
તમે ચેતો મોમનભાઇજી રયણ વિયાણિયાજી. ૧.

એજી ઉત્તમ હોઇ,નાહી ધોઇ,
આપણા અલખને,આરાધો,
ખોટા રે નાણાં તમે દૂર ચૂકાવો તમે જાગો.....૨.

એજી ઉત્તમ અભિયાગત અલખને ,
આરાધો મોરા ભાઇજી,
ઓર સરવે ભૂત કેરા વાસા જાણોજી તમે જાગો.....૩.

એજી ખટ ઘડી પાછલી રહેણી રહે,
તારે તમે જાગો મોમનભાઇજી,
જાગી જાગી આપણા અલખને આરાધો તમે જાગો.....૪.

એજી ભણે પીર સદરદીન,
હી જુગ પાછલી રહેણી,
સત કેરી વાટ કેણે વીરલે જાણી તમે જાગો.....૫.

કેસરી સિંહ પોતાનું વાસ્તવિક સ્વરૂપ ભૂલી ગયો છે. ઘેટાં-બકરાઓની સંગતમાં
તે પણ એક ઘેટું બની ગયો છે. આવા ભ્રમમાં તે પોતાના જીવનને તે ભૂલી ગયો છે.
ઓ ભાઈ ! તમારા સર્વે ભ્રમોને છોડી દો અને અલી અલીનું સ્મરણ કરો.

અલી (મૌજૂદ) છે અને અલી હંમેશાં (મૌજુદ) રહેશે !
આ ખાત્રીપૂર્વકના વિધાનને તમે તમારા હૃદયમાં રાખો !
ઓ ભાઈ ! તમારા સર્વે ભ્રમોને છોડી દો
અને અલી અલીનું સ્મરણ કરો. ૧

જો તે વ્યક્તિ ભ્રમણા છોડી દે તો સિંહ ફરી પાછો જાગૃત થશે;
તેના હૃદયમાંથી ઘેટાં-બકરાના વિચારો દૂર થઈ જશે.
અને ફરીથી તે કદી આવી ભ્રમણાઓમાં નિદ્રાધિન થશે નહિ.
ઓ ભાઈ ! તમારા સર્વે ભ્રમોને છોડી દો અને અલી અલીનું સ્મરણ કરો. ૨

સર્વે આત્માઓ આવીને અજ્ઞાનતામાં પડી ગયા છે
અને અંહકારમાં આવીને પોતાના હાથે પોતાના પ્રિયતમને તેમણે ખોઈ નાખેલ છે;
તેઓ (આ જગતમાં) અચાનક આવેલા છે, તેમ છતાં તેઓ અહંકારભરી રીતે વર્તન કરે છે.
ઓ ભાઈ ! તમારા સર્વે ભ્રમોને છોડી દો અને અલી અલીનું સ્મરણ કરો. ૩

જો તમે સંપૂર્ણ મુર્શીદ (*મુર્શીદે કામીલ*)ને સાથે રાખશો,
તો પછી જો અજ્ઞાનતા પણ આવી પડે તો તે દૂર થઈ જશે;
ત્યાર પછી તમે હૃદય સંબંધી વાતોને સમજી શકશો.
ઓ ભાઈ ! તમારા સર્વે ભ્રમોને છોડી દો અને અલી અલીનું સ્મરણ કરો. ૪

જો તને ભ્રમણાને જીતી લેશો તો તમે પ્રિયતમ (સાંહિયાં)ને પીછાણી શકશો;
ઓ મોમિનો ! તમે તમારા વાસ્તવિક સ્વને પીછાણો.
પીર શમ્સ (રહ.) ફરમાવે છે કે તમારે આ બાબતોનું પાલન કરવું જોઈએ.
ઓ ભાઈ ! તમારા સર્વે ભ્રમોને છોડી દો અને અલી અલીનું સ્મરણ કરો. ૫

એજી કેસરી સિંહ સરૂપ ભુલાયો,
અજા કેરે સંગે અજા હોઇ રહ્યો,
એસે ભરમમેં જીવનકું ભૂલાયો,
ભરમ સબ છોડી ભાઇ અલી અલી કરના.

હયબી અલી ને હોયશે બી અલી,
એસા વચન તમે દિલ માંહે ધરના,
એસા વચન તમે દિલ માંહે ધરના,
ભરમ સબ છોડી ભાઇ અલી અલી કરના ૧.

એજી ભરમને વારો તો સિંહ સુધ હોવે,
અજા કેરો ભાવ સો દિલસું ખોવે,
એસે ભરમમેં ફીર નહીં સોવે,
ભરમ સબ છોડી ભાઇ અલી અલી કરના હયબી.....૨.

એજી અવિધામાં આવી પડયો સબ જીવ,
આપ પણામાં ખોયો હથિ પીવ,
ઓચીંતો આવીને કરેરે ગીરભ,
ભરમ સબ છોડી ભાઇ અલી અલી કરના હયબી.....૩.

એજી મુરશીદ કામીલકો સંગ કરીયે,
આવે અવિધા સબ જાય વિસરીયે,
તબતો સૂજે દિલકી ગાલીં,
ભરમ સબ છોડી ભાઇ અલી અલી કરના હયબી.....૪.

એજી ભરમને ટાળો તો સાંહીને પીછાણો,
આપણો આપ મોમન પીછાણો,
પીર શમસ કહે સોહી તમે પાળો,
ભરમ સબ છોડી ભાઇ અલી અલી કરના હયબી.....૫.

ઓ ભાઈ ! પ્રેમપૂર્વક સાથે મળો અને સચ્ચાઈપૂર્વક વર્તણૂક કરો
તેમજ સર્વે જૂઠને દૂર કરી દો. સતપંથ ઉપર પાલન કરવાના ફાયદાઓ તમને ત્યારે જ
પ્રાપ્ત થઈ શકશે કે જ્યારે તમે પવિત્ર બનશો અને નૂર (પ્રકાશ)નું અમીપાન કરશો. ૧

ઓ ભાઈ ! નૂર (પ્રકાશ)નું અમીપાન કરો અને નામનું સ્મરણ કરો તેમજ હૃદયમાં (અલ્લાહનો)
ડર રાખી પોતાને પાક અને પવિત્ર બનાવો. જો તમે લોભ લાલચ અને સ્વાર્થીપણાને છોડી દેશો
તો તમે અમરાપૂરીના ગઢમાં પહોંચી જશો. ૨

ઓ ભાઈ ! કામ અને ક્રોધે શહેરને લૂંટી લીધું છે અને તેણે સંપત્તિ તેમજ સમૃદ્ધિના
ખજાનાઓ લૂંટી લીધાં છે. તેણે હીરા, રતન અને મોતીઓ લૂંટી લીધાં છે અને
તેણે અગણિત વસ્તુઓ લૂંટી લીધી છે. ૩

ઓ ભાઈ ! તે છતાં પણ મૂર્ખ માનવી પોતાના હૃદયમાં જાગૃત થઈ શક્યો નહિ. તેણે પોતાની
સઘળી માલ-મિલ્કત ખોઈ નાખી. આગળ જ્યારે ક્યામતનો દિવસ આવશે
ત્યારે તમે કેવી રીતે જવાબ આપશો. ૪

ઓ ભાઈ ! તે મનુષ્યને સાહેબ ચોર તરીકે જાહેર કરી બાંધી દેશે અને તેને હથોડાનો માર
મારવામાં આવશે. તેના હૃદયમાંથી અગ્નિ નીકળશે અને તે સમયે તે મનુષ્ય દુઃખથી
બરાડાઓ પાડવા લાગશે. ૫

ઓ ભાઈ ! જે લોકો સતપંથ ધર્મ મેળવ્યા પછી ગુમરાહીના માર્ગે જાય છે,
તેમને નામોશીનું કાળું કલંક લાગશે. જે પણ કાંઈ સંપત્તિ એકત્ર કરવામાં આવી હતી
તે લૂંટાઈ ગઈ અને દુકાન ખાલી થઈ ગઈ. ૬

ઓ ભાઈ ! જેઓ સત્યવાદી થઈને અસત્યના માર્ગે ચાલે છે, તેમણે આગળ કમાવેલી સઘળી
મૂડી ખોઈ દીધી છે. તેઓ ઇમાન અને શ્રદ્ધાના અભાવના કારણે જડમૂળથી ઉખડી ગયા છે
અને તેમના મોઢામાં ધૂળ પડશે. ૭

ઓ ભાઈ ! જેઓ અનિષ્ટ કૃત્યો કરવાવાળા છે તેઓ હંમેશાં અનિષ્ટ રહે છે.
ઓ મોમનભાઈ ! તમે ગિનાન ઉપર વિચારણા કરી જુઓ કે જો કોલસાને દૂધ વડે પણ ધોવામાં
આવે તો તે કદી પણ સફેદ થઈ શકે નહિ. ૮

ઓ ભાઈ ! જે લોકો સતપંથ પ્રાપ્ત કરી લીધા પછી વેગળા રહે છે તેમની મિસાલ માટીના
પાકેલા વાસણ જેવી છે. જો તે વાસણ ભાંગી જાય તો તેના ટુકડે ટુકડા થઈ જાય છે
અને તેનું પછી કોઈ મૂલ્ય રહેતું નથી. ૯

ઓ ભાઈ ! સૈયદ ઇમામશાહ (રહ.) ફરમાવે છે કે ઓ મેમિનો ! સાંભળો તમે તમારૂં ધ્યાન રાખો.
જે લોકો સાચા મુર્શીદના બોધવચનો પ્રમાણે ચાલતા નથી, તેઓને સાપ અને વીંછી કરડશે. ૧૦

એજી હેતે મિલીને સતે ચાલજો,
અને જૂઠ કરજો સરવે દૂર,
સતપંથ સરેવીઆ , તો ફલે,
જો નીરમલ થઈ પિયો નૂર. ૧.

એજી નૂર પિયો ને નામ લીઓ,
તો મન લરજીને ઉજળારે થાઓ,
લોભ સવારથને વારીએ,
તો ગઢ અમરાપૂરી જાઓ. ૨.

એજી કામ ક્રોધે , શહેર લૂંટિયા,
અને લૂંટિયાં ગિરથ ભંડાર,
હીરા રતન ઝવેર લૂંટિયાં,
અને લૂંટી વસ્તુ અપાર. ૩.

એજી તોંય મૂરખ, હૃદય માંહે નવ જાગિયો,
તેણે ખોયો સરવે માલ,
આગલ રોઝ ક્યામત દાડો આવશે,
તારે કેમ કરી દેશો જવાબ. ૪.

એજી તેને ચોર કહીને સાહેબ બાંધશે,
અને દેશે તે ઘણ કેરી માર,
તેના હઇડા માંહેથી- અગન ઊઠાડશે,
તારે , જીવડો તે કરશે પૂકાર. ૫.

એજી સતપંથ લઇને ઊતરીયા,
તેને લાગો તે નીલનું પાસ,
વસાણા હતા તે લૂંટાઇ ગયા,
પછે , ખાલી તે રહ્યો રે હાટ. ૬.

એજી સતિ હોકર , અસતિ કહાવે,
તેણે ખોયો પુરવ જન્મનું મૂલ,
તે તો ઇમાન વોણા ઉખડી ગયા,
તેને મોઢે પડશે ધુળ. ૭.

એજી કરમે કાળા તે સદાય કાળા,
મોમનભાઇ તમે ગિનાન વિચારીને, જુઓ,
દૂધે ધોઇએ , કોયલા,
તે , કબહી ન ઉજળા હોય. ૮.

એજી સતપંથ લઇ અલગા રહ્યા,
તે તો પાકી હાંડીને , તોલ,
તેને ટાંકણ મારી ટુકડા હુઆ,
તેનું કાંઇ ન ઉપજેરે મૂલ. ૯.

એજી ભણે સૈયદ ઇમામશાહ સુણો મુનિવરો,
તમે રાખો તે આપણું , આપ,
સતગુર વચને જે નહીં ચાલશે,
તેને ખાશે વીછું ને સાપ. ૧૦.

ઓ ભાઈ! પ્રેમપૂર્વક સાથે મળો અને સાચું બોલો.
હંમેશા મૌલાના દીદાર પ્રાપ્ત કરો અને અપવિત્રતા તેમજ ગુનાહોનો એકરાર કરો.

ઓ ભાઈ! મૌલાનું નામ પવિત્ર છે, દરેક શ્વાસની સાથે તેનું સ્મરણ કરતા રહો.
તેમને દૂર નહિ ગણતા; તેઓ તો હૃદયમાં વસે છે, જેવી રીતે ચંપાના ફૂલમાં સુગંધ વસે છે.

ઓ ભાઈ! મૌલા તો મારા રોમ રોમની અંદર વસે છે અને અમારી વચ્ચે તીલ જેટલું પણ અંતર નથી.
એવી જાગૃતિ સાથે મૌલાની આરાધના કરો કે જાણે મૌલા હૃદયમાં પ્રગટ સ્વરૂપે બેઠા છે.

ઓ ભાઈ! સત્ય બોલો અને સચ્ચાઈ ભરેલા કાર્યો કરો; સચ્ચાઈ જેવી બીજી કોઈ નેકી નથી.
દરેક ધર્મગ્રંથોની રચના સચ્ચાઈ વડે કરવામાં આવી છે અને સચ્ચાઈ દ્વારા તમે પાર ઊતરી શકશો.

ઓ મારા મુનીવર ભાઈ! સચ્ચાઈને છોડી આપતા નહિ; સચ્ચાઈને છોડી દેવાથી તમે તમારી પ્રતિષ્ઠા ખોઈ નાખશો.
ઇમાનની મિસાલ એવા દીપક જેવી છે કે જેના પ્રકાશ થકી મૌલાને પ્રાપ્ત કરી શકાય છે.

ઓ ભાઈ! રાત્રિ ચંદ્રમાની રોશનથી પ્રકાશિત થાય છે અને દિવસ સૂર્યની રોશનીથી પ્રકાશિત થાય છે. તેવી જ રીતે હૃદય ઇમાનની રોશનીથી પ્રકાશિત થાય છે અને ત્યાર પછી ચારે દિશાઓમાં સર્વત્ર રોશનીની અમિવર્ષા થાય છે.

ઓ ભાઈ! સૈયદ ઇમામશાહ (રહ.) ફરમાવે છે કે ઓ મોમિનો! સાંભળો અને કંઈક અચંબાભરી વસ્તુ જુઓ.
કલયુગની નાવ અંતિમ નાવ છે; ઇમાન ધરાવનાર વ્યક્તિઓ પાર ઊતરી શકશે.

૧૩

એજી હેતેસું મીલોરે મુનીવરો, અને મુખે તે સાચી વાણી બોલો;
નીત નીત દીદાર કીજે શાહના, ભાઇ સુતક પાતક ખોલો,

એજી પાક તો સાહેબજીનું નામ છે, તેને જંપીએ સાસ ઉસાસ;
દુર મ દેખો દીલમાંહે વસે, જેમ ચંપા ફુલમાંહે વાસ.

એજી રોમે રોમે મારો શાહ વસે, અને અંતર નહીં એક તીલ;
એવો જાણીને ભગતી કીજીએ, શાહ પરતક બેઠા દીલ.

એજી સત બોલોને સતે ચાલજો, અને સત સમો નહીં કોઈ સાર;
સકળ વેદ સતે રચ્યા, ભાઇ સતે ઉતરશો પાર.

એજી સત મ છોડો મારા મુનીવરો અને સત છોડે પત જાય;
ઇમાન સરીખો દીવડો, તેને અંજવાળે શાહ પાય.

એજી રેણી અજવાળી ચાંદસુ, અને દીવસ અજવાળો સુર;
તેમ ઘટ અજવાળો ઇમાનશું, ભાઇ ચૌ દીસે વરસે નુર.

એજી ભણે સૈયદ ઇમામશાહ સુણો મુનીવરો, અને દેખો અચંબે સાર;
છેલી તે નાવ કલજુગની, ભાઇ ઇમાની ઉતરશે પાર.

ઓ કાયમ મૌલા! અમને માત્ર આપની જ આશ છે.
ઓ મૌલા! અમારૂં ધ્યાન રાખો. સઘળી જમાત
મૌલાના હુઝૂરમાં ઊભી રહીને વિનવણી કરે છે.
ઓ મૌલા! મોમિનોના ઘેર રાજ્ય એનાયત કરો. ૧

ઓ મૌલા! આજે કલયુગ (દસમા અવતાર)ના સમયમાં માત્ર આપ જ
વરદાન આપવાવાળા છો. ઓ મૌલા! પ્રારંભિક સમયના વચનને યાદ કરો.
ઓ કાયમ મૌલા! વિશ્વને વરદાન આપો અને
મોમિનોના જીવની સુધારણા કરો (તેમને ઉગારી લો). ૨

ઓ અલીવર મૌલા! આપ મારા મનમાં વસો છો.
મેં ઇલ્મ-જ્ઞાનમાંથી સમજણ પ્રાપ્ત કરી છે.
હીરા, મોતી અને જવાહીરને પસંદ કરી
તેનું સોનામાં જડતર કરો. ૩

ઓ કાયમ મૌલા! હું આપની સેવા (અને સ્મરણ) કરૂં છું
કે જેથી મને તમામ હિકમતપૂર્ણ સમજણ પ્રાપ્ત થાય.
ઓ મૌલા! મારા મુખેથી એ જ શબ્દોનું ઉચ્ચારણ કરાવજો
કે જે આપને ગમતા હોય. ૪

ઓ મૌલા! ભલાઈ તરફ માર્ગદર્શન આપો અને બુરાઈને દૂર કરાવો;
એ બન્ને બાબતો આપના જ હાથમાં છે. (આપના હુકમને આધીન છે).
આપના તરફથી હંમેશા માયાળુતાની એનાયત થતી હોય છે,
જે ગુનાહ તેમજ દોષ છે તે મારા છે. ૫

ઓ મૌલા! હું અતિ આધિનતાપૂર્વક વિનવણી કરૂં છું ;
મારી વિનંતી સાંભળો અને તેના ઉપર વિચારણા કરો.
મારાથી એ જ કાર્યો કરાવજો જે કાર્યો આપને ગમતા હોય;
મને દોષ આપતા નહિ. ૬

ઓ મૌલા! કૃપા કરીને મારાં દુઃખ અને મારી ગરીબી દૂર કરો.
ઓ અલી! ઓ મારા મૌલા! ઓ મારા શાહ!
જો આપની કૃપાદ્રષ્ટિ થાય તો
હું નવ પ્રકારના ખજાનાઓ પ્રાપ્ત કરૂં. ૭

ઓ અલી! હું અતિ અભિલાષા કરી આપના દ્વાર ઉપર ઊભી છું
અને હાથ જોડીને વિનવણી કરૂં છું;
ઓ વરદાન દેનાર ઉદાર અલી! દીદારની એનાયત કરો;
હું આપના ચરણોમાં પ્રણામ કરૂં છું. ૮

ઓ મૌલા! સેવક પીર હસન કબીરદીન (રહ.) વિનંતી કરે છે;
ઓ મારા મૌલા! ઓ અલી! ઓ શાહ! હું આપના શરણમાં આવી છું.
આ યુગ, આ સમય અસત્ય, કપટ અને છેતરપિંડીથી ભરેલો છે,
સત્ય વડે આપ તેમાંથી પાર ઉતારો. ૯

એજી આશ તમારી શ્રી હો કાયમ સામી,
સાહેબ ચિંતા કીજે યા શાહ;
સબ ગતીએ શાહકે ખડેરે ઉમાયો શાહ,
રાજ રિખીસર ઘર દેજો. ૧

એજી અજકલ દશમે શાહ તમે વર દાતા,
સામી મારા જૂના તે વચન સંભારો યા શાહ;
વિશ્વને વર દીયો કાયમ સામી શાહ,
રિખીસરના જીવ સુધારો. ૨

એજી તું મોરે મન વસે શાહ અલીવર શાહજી,
સામી મારા ગીનાન અક્ષર સુધ પાઇએ યા શાહ;
માણેક મોતીને લાલ ઝવાહીર શાહ,
ચુન ચુન કનક લગાઇયે. ૩

એજી કરૂં શ્રેવા તમારી શ્રી હો કાયમ સામી,
તો મુને સરવે બુધ આવે યા શાહ;
સોહી વચન મારા મુખ માંહેથી કાઢો શાહ,
જો સાહેબ તુજ ભાવે. ૪

એજી ભલી બતાવો યા શાહ બુરી તજાવો,
હર દોએ હાથ તમારે યા શાહ;
તેરે તરફ કો કરમ હંમેશા,
પાપ દોષ હમેરા. ૫

એજી અતી આધીન થઈને એમજ માંગું,
સામી મારા વેનતી સુણીને ચિત્ત દેજો યા શાહ;
તુજ ભાવે સોહી કામ કરાવો શાહ,
મુજ સીર દોષ મ દેજો. ૬

એજી કૃપા કરીને દુઃખ દારીદ્ર ટાળો,
સામી મારા શાહ અલી, યા શાહ;
તુજ ત્રુઠે નવ નંદજ પામું શાહ,
જો હોવે નજર તમારી. ૭

એજી આશ કરીને યા અલી હું તેરે દર ઊભી,
સામી મારા કર જોડીને એમ માંગું યા શાહ;
દેજો દીદાર તુસી અલી વર દાતાર,
હમ તેરે ચરણે લાગું. ૮

એજી પીર હસન કબીરદીન ગુર સેવક એમ વિનવે,
સામી મારા હમ તેરે શરણે યા અલી યા શાહ;
હી જુગ કુડ કપટ જળ ભરીયા શાહ,
સતસેંથી પાર ઉતારો. ૯

૧૫

નવરોઝના સોહામણા અને સુંદર દિવસે
શ્રી અલી (ઇમામે ઝમાન) શિકાર અર્થે વન ભણી સિધાવ્યા હતા.
(તેથી તેમના દિદાર ન થઈ શક્યા અને) સેવકનું મન ઉદાસ થઈ ગયું.
(તેના) પ્રાણ અલીના ચરણોમાં ચોંટી રહ્યા. ૧

શ્રી કાયમ (ઇમામે ઝમાન)ની મહેબ્બતમાં દિલ એવું બંધાઈ ગયું
કે મૌલાની એ મહોબ્બતમાં ખેંચાઈને હું વન ભણી ચાલી નીકળ્યો.
એવા સુંદર વનમાં મેં શ્રી કાયમ (ઇમામે ઝમાન)ના દીદાર કર્યા
કે જેઓ દિવ્ય સ્વરૂપે દીદારની નવાજેશ ફરમાવી રહ્યા હતા. ૨

સારૂં થયુ કે મૌલાએ મને સુંદર નસીહત ફરમાવી.
ઇમામની સાથે શિકાર રમવા હું વનમાં તેમની સાથે ગયો.
મારી અનંત આશાઓ સાહેબે પૂરી કરી
અને મારા દિલમાં ઇમામ પ્રત્યેની મહોબ્બત અનેકગણી વધી ગઈ. ૩

આ રીતે હેત મહોબ્બતથી અલી (ઇમામે ઝમાન)ની સાથે મેં મારૂં દિલ બાંધ્યુ
અને મૌલાની પાસેથી અવિચલ રંગ ગ્રહણ કર્યો.
નર કાયમ (ઇમામે ઝમાન)ની સાથે હૃદય એવી રીતે બંધાઈ ગયું
કે (જાણે હૃદયનો) ભંડાર સાચા મોતીઓથી ભરાઈ ઊઠ્યો. ૪

મેં સાહેબની સાથે (જંગલની) સહેલ કરી
અને (દુન્યવી તેમજ રૂહાની) સફળતા પ્રાપ્ત કરી.
જે કોઈ વ્યક્તિ એક ધ્યાનથી ગિનાન સાંભળશે
તેનો જીવ નજાત પામશે. ૫

જીવ જ્યારે (રૂહાનિયતમાં આગળ વધવાની) રીત પ્રાપ્ત કરે છે
ત્યારે તે પુષ્પ માફક મલકાઈ ઉઠે છે
(જે રીતે) અગર ચંદનની સુગંધના પ્રેમ રસિયા મલકાઈ ઉઠે છે.
અને જેમ માનસરોવરમાં હંસ (મસ્ત બની) તરતો રહે છે.. .....૬

ગઢ ચકવાને કિલ્લે જ્યાં ઇમામ ખલીલુલ્લાહ (અ.સ.) શિકાર રમી રહ્યા હતા
ત્યાં મહેરબાની ફરમાવી ફતેહઅલીને બોલાવ્યા.
(ત્યાં બોલાવી) મારી દરેકે દરેક આશાઓ પૂરી કરી
અને સદા માટે મૌલાનું નૂર પ્રકાશિત દેખાવા લાગ્યું. ૭

મારા મોમિન ભાઈઓ! તમે હેત મુહબ્બતથી ઇમામે ઝમાનની તાબેદારી કરજો.
પીર શમ્સ (રહ.)ના અનુયાયી સૈયદ ફરમાવે છે કે
ઓ મોમીનો! જેઓ ઇમામની કૃપાઓને કદીપણ નથી વિસરતા,
તેઓના પ્રાણ કદી દુ:ખી થતા નથી. ૮

એજી નવરોજના દિન, સોહામણા,
શ્રી અલી કાયમ શિકાર રમવા વન ગયા,
સેવકના મન, થયા ઉદાસી,
પ્રાણ, અલી, ચરણે રહ્યા. ૧.

એજી શ્રી કાયમ પ્રીતે જો ચિત બાંધી,
નરને પ્રીતે, અમે, વન ગયા,
એવા વન સોહામણા નર, કાયમ દીઠા,
ડેલા દઇ, દેવંતા, રહ્યા. ૨.

એજી ભલું થયું સાહેબે સુમત આલી,
શ્રી અલી કાયમ સાથે, રમવા અમે વન ગયા,
અનંત આશા પૂરી અમારી,
શાહ દિલ ભાવે ગમ્યા. ૩.

એજી હેતે અલીસું, હીરખ બાંધ્યો,
અવિચલ રંગ સાહેબસે ગીરહિયા,
એવી ચિત બાંધી નર કાયમ સાથે,
સત ભંડાર મોતીએ ભરિયા. ૪.

એજી અમે સાહેબ, સાથે સહેલ કીધા,
રિધ, સિધ્ધજ, પામીઆ,
એક મન, ગિનાન જે સાંભળે,
આ જીવ તેના ઓધરિયા. ૫.

એજી જીવ જ્યારે જુગત પામે,
પ્રાણ પોપે રૂમ રહયા,
અગર ચંદન પ્રેમ રસિયા,
હેતે હંસ સરોવર ઝીલિયા. ૬.

એજી ગઢ ચકવાને કિલ્લે, શાહ ખલીલુલ્લાહ રમે,
ત્યાં ફતેહઅલીને મયા કરીને બોલાવીયા,
અનંત આશા પૂરી અમારી,
નિત અલી નૂરે ઊઠીયા. ૭.

એજી ભાઇરે મોમન તમે ભાવે આરાધો,
ભણે શમસી તમે, સાંભળો રૂખી,
સાહેબના ગુણ, નહિ વિસારે,
તેના પ્રાણ નહિ, થાશે દુ:ખી. ૮.

અનંત અખાડોના કેટલાક ચૂંટેલા પાઠ

ઓ મૌલા! અમારા ગુનાહોને દૂર કરી બક્ષી આપો. અમે ગુનેહગાર છીએ.
અમને જ્યારે આપના દીદાર પ્રાપ્ત થયા ત્યારે અમે દુનિયાના સર્વે જંજાળમાંથી મુક્ત થઈ ગયા.

અલી અનંત છે, અનંત અલી અનંત (જીવોનો) મૌલા છે.
ઓ અલી! દરેક વસ્તુઓના અંતને માત્ર આપ જ જાણનાર છો.

ઓ મૌલા! સમગ્ર વિશ્વ અને સમગ્ર સૃષ્ટિ આપની જ છે તેમજ સઘળી માનવજાત પણ આપની જ છે.
અમારા ઉપર દયા કરો અને અમને ઉગારી લો. ઓ મૌલા! સર્વે આત્માઓ આપના જ છે. અલી અનંત છે.....

ઓ મૌલા! નિમ્ન અને ઉત્તમ સર્વે આત્માઓ આપના જ છે, તેઓ સર્વે આપના દ્વાર ઉપર બેઠા છે.
ઓ મારા મૌલા! આપ કૃપાની અમીદ્રષ્ટિ કરો. ઓ દયાળુ! ફઝલ કરો. અલી અનંત છે.....

ઓ મૌલા! (ઓ ભાઈ!) અમે ગુર ગત ગંગા (જમાતખાના)માં બેઠા (સંપૂર્ણ રીતે મૌજુદ) છીએ અને અમે સદાય હાજર એવા પ્રગટ ગુરનર (શાહપીર) ના સ્વરૂપે છીએ! તમે જે પણ કાંઈ જીવનનિર્વાહ (કમાણી) કમાવો છો તેમાંથી દસોંદ અર્પણ કરો. અલી અનંત છે.....

ઓ મૌલા! (ઓ ભાઈ!) હઝરત અલી (અ.સ.) અને હઝરત મુહમ્મદ (સ.અ.સ.)ના વંશજનું આગમન થયું છે અને તે (હઝરત અલી)નું હઝરત નબી સાહેબ (સ.અ.સ.)ની સાથે આગમન થયું છે. હઝરત નબી સાહેબ (સ.અ.સ.) થકી તમામ આલનો સિલસિલો ચાલતો આવે છે. તેઓ સઘળા કૃપાવંત અને માનવંત સુલતાનો છે. અલી અનંત છે.....

ઓ મૌલા! (ઓ ભાઈ!) (તમારી આવકનો) દસમો ભાગ દસોંદ તરીકે અર્પણ કરો અને તેનો દોષ આપના શીરે રહેવા દેતા નહિ, કારણ કે તે ઘણો વજનદાર છે. આજના યુગ (દસમા અવતારના સમય)માં દસમો ભાગ દશોંદ તરીકે છે અને આવી રીતે દસોંદ અર્પણ કરવાનું નક્કી કરવામાં આવેલ છે. અલી અનંત છે.....

ઓ મૌલા! (ઓ ભાઈ!) સંધ્યાના સમયે (દુ'આ) ગુજારવાનું ચૂકતા નહિ. એ તમારા ઉપર ગુર (મુર્શીદ)ની સૂચક નિશાની સ્વરૂપે છે. એ સમય તમને આપવામાં આવ્યો છે અને તેને ધર્મની બારી (પ્રવેશદ્વાર) બનાવવામાં આવેલ છે. અલી અનંત છે.....

અનંત અખાડોના કેટલાક ચૂંટેલા પાઠ

આશાજી પાપ અમારા ઉતારો સામી, અમે છીએ ગુનેગારજી,
દીદાર તમારા જબહી મેં દેખ્યા, તારે છુટા સરવે જંજાલ

અલી અનંત અનંત,
અલી અનંતેજો સામી શાહ, અનંતેજો અંત તુંહી જાણેજી.

આશાજી સંસાર સરવે સૃષ્ટિ તમારી, અને સરવે માનખા જીવજી,
દયા કરી તમે અમને તારો, સામી સરવે જીવ તમારા.....અલી

આશાજી હીણા ખીણા સરવેઈ જીવ તમારા,બેઠા છે તમારે દુવારજી,
મહેરકી નજર કરો મોરા સામી, ફજલ કરો એ દયાળ.....અલી

આશાજી ગુરગત ગંગા માંહે અમેજ બેઠા, પરતક ગુરનર અવતારજી,
કમાવો જે તમારી રોજી, તે માંહે દસોંદ આલો.....અલી

આશાજી આલ અલી પયગમ્બર ચાલી આવ્યા, આવ્યા તે નબીજીની જોડજી,
નબી થકી સરવે આલજ ચાલી, રહેમ રાય સુલતાન.....અલી

આશાજી દસોંદ દસમી પાંતી આલો, દોશ મ રાખો ભારીજી,
અજકલ વારે દસમી પાંતી, એમહી દસોંદ લીખાણી.....અલી

આશાજી સંજા વેલા તમે મત કોઈ ચુકો, એ છે ગુરની એંધાણીજી,
એ વેલા તમને દીધી, કીધી તે દીનની બારી.....અલી

૧૭

મોમન ચેતામણીના કેટલાક ચૂંટેલા પાઠ

ઓ મૌલા ! આપ સતગુર છો અને અમે આપના સેવક છીએ; ઓ સતગુર દાતાર ! આપ અમારા ઉપર કૃપા કરો. આપ અમારા માતા અને પિતા બની અમારા ગુનાહોને બક્ષી આપજો, કારણ કે અમારા ગુનાહો અગણિત છે.
ઓ મોમિનો ! સાવધ થઈ જાઓ.
ગુર કહે છે કે સાચા સતગુરૂએ એવું ફરમાવ્યુ છે.

ઓ મૌલા ! અમે અતિ ગુનેહગાર બંદાઓ છીએ. મૌલા ! આપ અમારી સંભાળ રાખો. અમને અતિશય ખુશી છે કે આપે અમારા દેશમાં પધરામણી ફરમાવેલ છે, કારણ કે અમે આપના થકી નજાત પ્રાપ્ત કરીશું.
ઓ મોમિનો ! સાવધ થઈ જાઓ.....

ઓ મૌલા ! અમને હવે સાચો ધર્મ એનાયત કરો અને અમારા દ્વાર પર આવો. કૃપા કરીને આપ પધરામણી ફરમાવો.
અમારાથી આપ હવે જરા પણ નારાજ થતાં નહિ.
ઓ મોમિનો ! સાવધ થઈ જાઓ.....

ઓ મૌલા ! અમારૂં ઇમાન સલામત રાખો કે જેથી અમે પેલે પાર ઊતરી શકીએ. બીજી બાબત જેની અમે (આપની પાસેથી) માંગણી કરીએ છીએ તે એ છે કે અમને હંમેશા આપના દીદારની નવાજેશ થતી રહે.
ઓ મોમિનો ! સાવધ થઈ જાઓ.....

ઓ મૌલા ! અમે અલીના દ્વાર પર આવ્યા છીએ કે જ્યાં સર્વે આત્માઓને મુક્તિ પ્રાપ્ત થાય છે. ત્યાં નિમ્ન અને ઉત્તમ પ્રકારના સર્વે જીવોને અગાઉ નજાત પ્રાપ્ત થઈ છે, આથી ઓ અલી ! તે (નજાત પામેલાઓ)માં અમારા જીવોનો પણ સમાવેશ કર.
ઓ મોમિનો ! સાવધ થઈ જાઓ.....

મોમન ચેતામણીના કેટલાક ચૂંટેલા પાઠ

એજી તમે સતગુરને અમે સેવક સદાય,
તમે કૃપા કરો સતગુર દાતાર;
તમે માત તાત થઈને બક્ષજો.
અમારા ગુનાહ તણો નહિ કોઈ પાર,
ચેતો રિખીસરો ગુર કહે સાચા સતગુર એમ કહ્યા.

એજી અમે ગુનેગાર બહુ બંદા;
તેની સાહેબ તમે કરો સંભાળ;
ભલે આવીયા અમારા દેશમાં,
અમે તમથી ઉતરીએ પાર, ચેતો

એજી હવે સતગુરૂજી અમને ધરમ દીઓ,
અને ચાલો તે અમારે દ્વાર;
કૃપા કરીને પધારજો;
તમે રીશ મ કરજો લગાર, ચેતો

એજી ઇમાન અમારું સલામત રાખજો,
જેથી ઉતરીએ પેલે પાર,
બીજું એટલું અમે માંગીએ,
જે વારોવાર હોવે તમારો દીદાર, ચેતો

એજી અલી દ્વારે અમે આવીઆ,
જ્યાં છુટે તે સર્વે જીવુંના જંજાળ;
જ્યાં હીણા ખીણા આગે કંઈ જીવ ઉગરીયા,
ત્યાં યાઅલી અમારો જીવ છે ઉમેદવાર, ચેતો

૧૮

ઓ ભાઈ ! હંમેશા ચિંતન-મનન કરતા રહો. ચિંતન-મનન કરી તમે પ્રત્યક્ષપણે જોઈ લો.

ઓ ભાઈ ! દરેક શ્વાસમાં મારા મૌલાનું સ્મરણ કરતા રહો.
મારો મૌલા તમારાથી નજદીક છે. ૧

ઓ ભાઈ ! એ બાબતમાં કોઈ શંકા નથી કે મારો મૌલા ઘણો જ નજદીક છે.
તમે તે બાબત ઉપર પૂર્ણ વિશ્વાસ રાખજો. ૨

ઓ ભાઈ ! તમારો મૌલા તમારી અંદર એવી રીતે બેઠો (વસવાટ કરે) છે કે
જેમ ફૂલોમાં સુગંધ રહેલી છે. ૩

ઓ ભાઈ ! મારો મૌલા મારા રોમ રોમમાં બેઠો (વસવાટ કર) છે.
તે સદાકાળ જીવંત અને અવિનાશી છે. ૪

ઓ ભાઈ ! જે લોકો પોતાની સંભાળ લેવા સાવધ નથી બનતા,
તેઓ આ દુનિયામાં નિરાશ બની જાય છે. ૫

ઓ ભાઈ ! ઇલાહી જ્ઞાનમાં હંમેશા મગ્ન રહેજો
અને તમારી જાત ઉપર હંમેશા ચિંતન-મનન કરતા રહેજો. ૬

ઓ ભાઈ ! જે હૃદયમાં અજંપીઆ જાપ (નિ:શબ્દ સ્મરણ) ચાલતું રહે
તે હૃદય પ્રકાશિત થઈ જાય છે. ૭

ઓ ભાઈ ! હૃદયને પ્રકાશિત કરો અને ગુનાહથી દૂર રહો
તેમજ દરેક શ્વાસો શ્વાસમાં મૌલાનું સ્મરણ કરતા રહો. ૮

ઓ ભાઈ ! સૈયદા ઇમામ બેગમ (રહ.) ફરમાવે છે કે જે કોઈ વ્યક્તિ
આ બાબત ઉપર અમલ કરશે તે જન્નતનું રહેઠાણ પ્રાપ્ત કરશે. ૯

૧૮

એજી હરદમ કરો અભિયાસ, કરીને દેખોજી.

એજી દમો દમ મારા સામીને શ્રેવોજી,
સામી મારો છે તમારે પાસ કરીને દેખોજી. ૧.

એજી પાસ છે સામી નહીં હય ખામીજી,
તમે પૂરો રાખજો વિશ્વાસ કરીને દેખોજી. ૨.

એજી તમારો સામી તમમાંહે એમ જ બેઠોજી,
જીયું હય ફૂલુ માંહે વાસ કરીને દેખોજી. ૩.

એજી રોમે રોમે મારો સામી રાજો બેઠોજી,
ચઇતન પુરુષ અવિનાશ કરીને દેખોજી. ૪.

એજી જેણે જીવે આપણો આપ નહીં ચેતીયોજી,
તે જુગ માંહે થઇ ગયા નિરાશ કરીને દેખોજી. ૫.

એજી બ્રહ્મ ગિનાન માંહે હરદમ રહેજોજી,
કરજો આપણો અભિયાસ કરીને દેખોજી. ૬.

એજી અજંપીઆ જાપ ભાઈ જીસ ઘટ ભીતરજી,
સોહી ઘટ હોયશે ઉજાશ કરીને દેખોજી. ૭.

એજી ઘટ ઉજાશો પાપથી નાસોજી,
સામી ને જપો સાસ ઉસાસ કરીને દેખોજી. ૮.

એજી કહેત ઇમામ બેગમ જે નર કરશેજી,
તે પામશે વઇકુંઠ વાસ કરીને દેખોજી. ૯.

ઓ ભાઈ! ઝમાનાના ઇમામ (પરતક પાત્ર)ની ઓળખ પ્રાપ્ત કરો અને પ્રેમપૂર્વક તેમની તાબેદારી કરો. ચૌદ બ્રહ્માંડનો એ સ્વામી આ વિશ્વમાં પ્રગટ સ્વરૂપે છે.

.....૧

ઓ ભાઈ! હઝરત અલી (અ.સ.) પ્રગટ સ્વરૂપમાં આવેલ છે. તેઓએ સ્વરૂપ ધારણ કર્યું છે. જગતના કિરતાર મૌલાએ સર્જન કરી આ જગતમાં વસવાટ કર્યો છે.

.....૨

ઓ ભાઈ! આ જગતને જૂઠ, કપટ અને બીજા અનિષ્ટોથી મુક્ત કરી તેને પવિત્ર કરવા અલીવર મૌલાએ આગમન કર્યું છે.

.....૩

ઓ ભાઈ! હઝરત અલી (અ.સ.)એ રહસ્યો છતાં કરીને પ્રગટ સ્વરૂપ ધારણ કર્યું છે. તેમનાં કાર્યોને પૂર્ણ કરવા તેઓએ આ જગતમાં મનુષ્ય સ્વરૂપ ધારણ કર્યું છે.

.....૪

ઓ ભાઈ! હઝરત અલી (અ.સ.)એ ભક્તો માટે આગમન કર્યું છે અને પ્રગટ સ્વરૂપ ધારણ કર્યું છે. તેઓ ધર્મના શત્રુઓ (દૈત્યો)નો નાશ કરવા અને ભક્તોને સહાય કરવા પધાર્યા છે.

.....૫

ઓ ભાઈ! માળી વગર વાડી હોતી નથી, જેવી રીતે પ્રાણ વગર શરીર હોતું નથી. જીવન વગર આ જગત હોઈ શકતું નથી. એ બાબત ઉપર તમારા મનમાં વિચારણા કરો.

.....૬

ઓ ભાઈ! જ્યાં માળી હોય છે ત્યાં વાડી હશે અને ત્યાં સર્વત્ર હરિયાળી હશે. તે પોતાના હૃદયમાં પ્રેમપૂર્વક તે વાડીનું સિંચન કરશે.

.....૭

ઓ ભાઈ! જ્યાં માળી હશે ત્યાં તે વાડીનું સિંચન કરશે અને તેમાંથી હંમેશાં નવાં નવાં ફળો ઉત્પન્ન થતાં રહેશે.

.....૮

ઓ ભાઈ! સૈયદ ઇંદ્ર ઇમામદીન (રહ.) ફરમાવે છે: ઓ મારા મોમિન ભાઈઓ! આ ગિનાન જે હિકમતથી ભરપૂર છે તેના ઉપર મનન-ચિંતન કરો, કે જેથી તમારા સર્વે ગુનાહો દૂર થાય.

.....૯

એજી પરતક પાત્રને પરખીને, પ્રેમે પુજોની પાય,
ચઉદ બ્રહ્માંડનો, એ ધણી, પ્રગટ જે જુગ માંહે.
પરતક પાત્રને પરખીને. ૧

એજી પરતક રૂપે અલી આવીયા, આપે ધરી અવતાર,
રચના રચાવી વાસો વસ્યા, આપે જુગ કીરતાર. પરતક. ૨

એજી કુડ કપટને ટાળવા, પાખંડ જે જુગમાંહે,
નીરમલ કરવાને પૃથ્વી, આવીયા અલીવર રાય. પરતક. ૩

એજી પરતક રૂપે અલી આવીયા, રમતા રમતા રાય,
માણસ રૂપે જુગમાં આવીયા, પુરણ કરવાને કામ. પરતક. ૪

એજી ભગત કારણ અલી આવીયા, આપે ધરી અવતાર,
દઇત દાણવને સંહારવા, કરવા ભગતુની સાર. પરતક. ૫

એજી માલી વીનારે વાડી નહી, પ્રાણ વિના નહીં દેહ,
જીવન પાંખે આ જુગ નહી, મન વીચારોને તેહ. પરતક. ૬

એજી માલી હશે તીયાં વાડી હશે, પુરણ લીલા લહેર,
સુધું કરીને સીંચશે, મનમાંહે ધરીને મહેર. પરતક. ૭

એજી માલી હશે તીયાં સીંચશે, વન ફળ નીત નવાં થાય,
સતગુરૂ હશે ત્યાં નીપજે, ધરમી નીત નવા થાય. પરતક. ૮

એજી ભણે સૈયદ ઇદ્રુ ઇમામદીન, મારા મુનીવર ભાઈ,
ગીનાન વીમરસને જોઇ લીયો, પ્રાછત સરવેરે જાય.
પરતક પાત્રને પરખીને. ૯

૨૦

ઓ ભાઈ! મારા મૌલાએ આ દુનિયાનું સર્જન કરીને અનાજ ઉત્પન્ન કર્યું છે.
તેણે પવન અને પાણીનું પણ સર્જન કર્યું છે. ૧

ઓ ભાઈ! જો તમે મૌલાની તાબેદારી (સેવા-સ્મરણ) નથી કરતા તો પછી
એ બાબત જણાવો કે તમે શા માટે (આ દુનિયામાં) આવ્યા છો? ૨

ઓ ભાઈ! ઇન્સાન આ દુનિયાની લાલચ કરવા માંડ્યો છે અને આ દુનિયાની
લાલચમાં તે પોતાનો મકસદ ભૂલી ગયો છે. ૩

ઓ ભાઈ! જો તમે ભુલાવામાં પડી જશો તો તમારૂં મગજ તમારા કાનથી બહાર
નીકળશે અને મૌલા તીલ જેટલી નાની નાની વસ્તુઓનો હિસાબ લેનાર છે. ૪

ઓ ભાઈ! (તે દિવસે) સૂરજ સો ગણા તાપની સાથે તપવા માંડશે અને ત્યારે
માતા પણ એમ નહિ કહે કે આ મારો પુત્ર છે. ૫

ઓ ભાઈ! જમાત જીવોના પીરને પૂછે છે કે
જન્નતના ઘરો કેવા છે? ૬

ઓ ભાઈ! એ ઘરોની ઇંટો સોનાની બનેલી છે અને સ્તંભો ચાંદીના બનેલા છે
તેમજ તેનું પ્લાસ્ટર શુદ્ધ કસ્તુરીનું છે. ૭

ઓ ભાઈ! આપણા મૌલાએ એવા મહેલો બંધાવ્યા છે.
તમે નેકીનાં કાર્યો કરો કે જેથી તમે આ ઘરો પ્રાપ્ત કરી શકો. ૮

ઓ ભાઈ! પીર સદરદીન (રહ.) ફરમાવે છે કે ઓ મોમિનોની જમાત! સાંભળો. તમે નેકીનાં
કાર્યો કરો કે જેથી તમે આવાં ફળ મેળવી શકો. (નેક બદલો પ્રાપ્ત કરી શકો). ૯

એજી દુનિયા સીરજીને, શાહ મોરે, અન્ન ઉપાયાજી,
પવન, પાણી પયદા કીધાજી. ૧.

એજી કહોરે જીવ તમે, કીસ કારણ આયાજી,
ન કીધી, સાહેબજીની શ્રેવાજી. ૨.

એજી દુનિયાનો લોભ જીવડો, કરવાને લાગોજી,
દુનિયાને, લોભે ભરમે ભૂલોજી. ૩.

એજી ભૂલો તે, માથાનો ભેજો, કાને નીસૂરસેજી,
તિલ તિલના, લેખા સાહેબ લેશેજી. ૪.

એજી સોહો સોહો કરણીએ તિયાં, સૂરજ તપશેજી,
માઇ ન, કહેવે પુત્ર, મેરાજી. ૫.

એજી જુમલોજી પૂછે આપણા, જીવુના પીરનેજી,
અમરાપૂરીના, ઘર છે, કેવાજી. ૬.

એજી સોનાની ઇંટડિયું ને રૂપાના થંભજી,
સાવ, કસ્તુરી કેરા, ગારાજી. ૭.

એજી એવા એવા, મોહોલ આપણે, સાહેબે ઉપાયાજી,
કરણી, કમાવો તો એ ઘર, પામોજી. ૮.

એજી ભણે પીર સદરદીન, સુણો ગતીઉ, મોમનોજી,
કરણી, કમાવો તો એવા ફલ પામોજી. ૯.

૨૧

મોટી વેનતીના કેટલાક ચૂંટેલા પાઠ

ઓ મૌલા ! અગણિત જીવન પસાર થઇ ગયા છે, જેમાં મેં જુદા જુદા સ્વરૂપો ધારણ કર્યા છે. આપને વિનવણીઓ કરવામાં યુગો પસાર થઈ ગયા છે. ઓ મૌલા ! હું આપની સાથે એક થઈ જવા માટે આજીજીઓ કરૂં છું.
ઓ મૌલા ! મારા ઉપર મહેર કરો. હું નિ:સહાય છું અને આપના ઉપર નિર્ભર છું.

ઓ મૌલા ! જ્યાં સઘળા યુગોના અગણિત જીવો એકત્રિત થશે, ત્યાં કૃપા કરી આપ મારી પાસે પધારજો.
તે જીવોમાં મારી શોધ કરતાં કરતાં આપ મારી પાસે પધારજો અને આ અબળા નારીની પાસે આવજો.
ઓ મૌલા ! મારા ઉપર મહેર કરો. હું નિ:સહાય છું અને આપના ઉપર નિર્ભર છું.

ઓ મૌલા ! હું નમ્રતાપૂર્વક આપને વિનવણીઓ કરૂં છું, ઓ મૌલા ! મારી વિનંતીઓ ઉપર આપ ધ્યાન આપો અને મને માફી આપો. આપ અરક્ષિતોનું રક્ષણ કરનાર છો.
ઓ મૌલા ! મારા ઉપર મહેર કરો. હું નિ:સહાય છું અને આપના ઉપર નિર્ભર છું.

ઓ મૌલા ! ઓ મારા માનવંત રૂહાની મુર્શીદ (જોગી) ! મારા ઉપર મહેરની અમીદ્રષ્ટિ કરો અને મને ઉગારી લો.
કુડ કપટથી કલયુગ ભરેલો છે, તેમાં સર્વે સમયે (આ દુર્ગુણોથી) મારી રક્ષા કરો.
ઓ મૌલા ! મારા ઉપર મહેર કરો. હું નિ:સહાય છું અને આપનાં ઉપર નિર્ભર છું.

ઓ મૌલા ! મને રૂહાની વિસાલની નવાજેશ ફરમાવો કે જેથી હું અગણિત જીવોનો ભાર ઉઠાવી શકું. અપૂર્ણ, સંપૂર્ણ અને આશા ધરાવનાર જીવો કે જે આપની પાસે આવ્યા છે. ઓ મૌલા ! તે સઘળા જીવોને પાર ઉતારો.
ઓ મૌલા ! મારા ઉપર મહેર કરો. હું નિ:સહાય છું અને આપના ઉપર નિર્ભર છું.

મોટી વેનતીના કેટલાક ચૂંટેલા પાઠ

એજી, અનંત જુગ, અમને વહી ગયા, રૂપ ધરતા આવિયા;
વેનતી કરતા અમને ભવ થયા, સામી તમે જોડ જોડાવો.
મહેર કરો મોરા સાંઈયાં, અબળા શરણ તમારી.

એજી, અનંત જીવ જુગના મળશે, તેમાં તમે આવજો આપ;
ઢુંઢતા ઢુંઢતા સામી આવજો, અબળા નારીની પાસ.
મહેર કરો મોરા સાંઈયાં, અબળા શરણ તમારી.

એજી સામી આધીન થઈને હું વિનંતી કરૂં, સામી તમે સાંભળજો કરણ;
કાંઈક આધીન પણે બક્ષજો, સામી તમે અશરણના શરણ.
મહેર કરો મોરા સાંઈયાં, અબળા શરણ તમારી.

એજી મહેર કરો મોરા જોગિયા, લેજો અમને ઉગાર;
કુડ કપટે કલજુગ ભરિયો, તેમાં વેલા કરજો અમારી સાર.
મહેર કરો મોરા સાંઈયાં, અબળા શરણ તમારી.

એજી સોહાગ સામી મારા આપજો, જેથી અનંત ઉઠાય;
ઉણા પૂરા જે આશવંતા, સામી સરવે પાર લંગાય
મહેર કરો મોરા સાંઈયાં, અબળા શરણ તમારી.

૨૨

ઓ મોમિનો! ખુશીઓ મનાવો, ખુશીઓ મનાવો કે તમને પ્રથમ ઇમામ હઝરત મૌલા મુર્તઝાઅલી (અ.સ.), હાઝર ઇમામ(નું નૂર) પ્રાપ્ત કરવાનું સદ્‌ભાગ્ય મળ્યું છે.....૧

ઓ મોમિનો! એકસાથે મળો અને અન્યોને એકસાથે મેળવો તેમજ
સાથે મળીને ઉત્તમ કાર્યો કરો. ૨

ઓ મોમિનો! મારા મૌલાએ ભારતીય ઉપખંડમાં પધરામણી ફરમાવી છે.
મોમિનોના ઘેર ઘેર તેની વધામણીઓ હોજો. ૩

ઓ મોમિનો! મારો મૌલા મોમિનોને ઉગારી લેશે
અને તેમના કાર્યો માટે તેમને બદલો આપશે. ૪

ઓ મોમિનો! દસોંદ આપો અને ઇલાહી મઝહરનું અનુસરણ કરો.
આ કાર્ય થકી તમારો રૂહ નજાત પ્રાપ્ત કરશે. ૫

ઓ મોમિનો! આજના મુશ્કેલ સમયમાં માર્ગ ઘણો વિકટ છે,
તેની નિશાની (એંધાણી) અગાઉથી આવી ગઈ છે. ૬

ઓ મોમિનો! સતગુર પીર સદરદીન (રહ.) ફરમાવે છે કે ઓ સાવધ થનારા,
તમે સાવધાન થઈ જાઓ. ૭

૨૨

એજી આનંદ આનંદ કરિયો રિખીસરો,
અવલ શાહ તમે પાયા. ૧.

એજી મિલો ને મિલાવો રિખીસરો,
મિલી કરી કરિયો કમાઇ. ૨.

એજી જંપુદિપ માંહે શાહ મારો પરવરિયો,
કે રિખીસરને ઘેર વધાયું. ૩.

એજી રીખીસરોને શાહ મારો ઉગારશે,
ને કરણી તણા ફળ દેશે. ૪.

એજી દિયો દશોંદ અવતાર ધિયાવો,
તો એણે કરતવે જીવડો છૂટે. ૫.

એજી વિખડી વેળા માંહે પંથ કઠણ છે,
કે આવિયા આગમ એંધાણ. ૬.

એજી ભણે પીર સદરદીન સતગુર સાહેબ,
તમે ચેતો તે ચેતણહાર. ૭.

૨૩

આકાશમાંથી ચંદ્રમા અલોપ થઈ ગયો છે, સૂર્ય પણ દ્રશ્યમાન નથી
અને પવન ઝડપથી તોફાની રીતે ફૂંકાઈ રહ્યો છે. ૧

ઓ માયાના બંધનમાં બંધાયેલા લોકો! તમે મરી જશો અને
આ કલયુગનો વ્યાપાર જૂઠો છે. ૨

આજે પત્નીના કારણે પુત્ર વ્હાલો (લાગે) છે,
ઓ મૂર્ખ અને અંધ માનવી! તમે શાં માટે ચેતી નથી જતા? ૩

ઇંગલા અને પીંગલા બન્ને પ્રજવલ્લિત થવા માંડી છે
અને પશ્ચિમ દિશાથી ગંગાનું આગમન થયું છે. ૪

કાયાની કુંપળો મુરઝાવવા લાગી છે
અને વૃક્ષોએ આશા છોડી દીધી છે. ૫

તમારા આત્માને આકાશની ઉંચાઈએ લઈ જાઓ,
મોતનો દૂત તમારા હૃદયમાં આવીને બેઠો છે. ૬

સાંજના સમયે સંપર્ક સ્થાપિત કરો અને મધરાતના સમયે જાગૃત થાઓ
તેમજ (દુ'આ-બંદગી) માટે ત્રણ વખત હાજરી આપો. ૭

તેના અર્થે તમે બે ઘડીઓ માટે જાગૃત થાઓ,
કારણ કે મૃત્યુ તમારા માથા ઉપર ફરી રહ્યું છે. ૮

પીર સદરદીન (રહ.) આવું મીઠું અને હિકમતથી ભરપૂર ગિનાન ફરમાવે છે.
આ રીતે તમારા મૌલા માટે તમારો પ્રેમ હર્યોભર્યો (જીવંત) રાખો.....૯

આનંદ આનંદ કરીયો

૨૩

અબ ચંદ્ર ગયા ગગન સૂરીજ જો ન હાટા,
તો પવન ચૂડીયો ઓફરાટેજી. ૧.

મરશોરે લોકો તમે માયાનો બાંધો,
તો કલજુગ કૂડા છે ધંધાજી. ૨.

આજ કલત્ર કારન પુત્ર જી પ્યારા,
તો કાહે ન ચેતો મૂરખ અંધાજી.૩.

વીડાહો પીંગલા બેઉ દાઝવા લાગીયા,
તો ગંગા પાછમથી આવીજી. ૪.

કાયાની કોંપલ કુમલાવા લાગી,
તો તરવર છોડી છે આશાજી. ૫.

ગગન મંડલ માંહે પહોડી લે હંસા,
તો હઇડા માંહે જમ પેઠાજી. ૬.

અબ સહી સાંજે સાધો તમે મધરાતે જાગો,
તો ત્રી કાલ પોહરા છે દેનાજી. ૭.

અબ તીસ થકી તમે બેઉ ઘડી જાગો,
તો ત્યાં ફીરે છે જમનાં હેરાજી. ૮.

અબ અમી મહારસ બોલીયા પીર સદરદીન,
તો સામીસું હેત હરિયાલીજી. ૯.

૨૪

ઓ ભાઈ! સતગુરની તાબેદારી (સેવા-સ્મરણ) કરો અને મધરાતના સમયે
જાગૃત થાઓ તેમજ ગત (જમાત)ના મેલાવડામાં સહભાગી થાઓ. ૧

ઓ ભાઈ! ગત (જમાત)માં ગુરનર (શાહપીર-મૌલા) પ્રગટ સ્વરૂપે બેઠા છે;
તે પ્રગટ સ્વરૂપ નકલંકી (હઝરત મૌલા મુર્તાઝઅલી)ના વંશમાંથી છે. ૨

ઓ ભાઈ! તેના અર્થે તમે બે ઘડી માટે જાગૃત થાઓ,
કારણ કે મૃત્યુ તમારા માથા ઉપર ફરી રહ્યું છે. ૩

ઓ ભાઈ! આજના કલયુગમાં સમય ઘણો કઠણ છે.
ઓ મારા મોમિનો! તમે સાંભળો (તે બાબત ઉપર ધ્યાન આપો). ૪

ઓ ભાઈ! પીર સદરદીન(રહ.) આવું હિકમતથી ભરપૂર ગિનાન ફરમાવે છે.
તમે સમયસર જાગૃત થાઓ. ૫

૨૪

એજી સતગુર શ્રેવો તમે મધરાતે જાગો,
અને કરજો તે ગતના મેળા.

એજી ગત માંહે ગુરનર પરતક બેઠા,
તે પાત્ર નકલંકીના કેડા.

એજી તીસ કારણ તમે બે ઘડી જાગો,
ને માથે ફરે છે જમના હેરા.

એજી અજ કલ વારે કઠણ છે વેળા,
તમે સાંભળો મુનીવર મેરા.

એજી એ ગીનાન મહારસ પીર ભણાવે સદરદીન,
તમે ચેતી લીયોને સવેરા.

૨૫

કસીદા - યા ઇમામી યા ઇમામીનો ગુજરાતી અનુવાદ

ઓ મારા ઇમામ! ઓ મારા ઇમામ! આપ જ મારો ખજાનો છો અને આપ જ મારી ખ્વાહીશ છો.
ઓ મારા ઇમામ! ઓ મારા ઇમામ! આપ જ મારો ખજાનો છો અને આપ જ મારી ખ્વાહીશ છો.

આપ જ મારા હૃદયની રોશની છો, આપ જ મારા હૃદયની રોશની છો.
આપ જ મારો પ્રેમ છો, આપ જ મારા રક્ષક છો, આપ જ મારો પ્રેમ છો, આપ જ મારા રક્ષક છો.

જે કોઈ પણ ઇમામથી સંબંધ ધરાવે છે, તે સમૃદ્ધિ અને સલામતી પ્રાપ્ત કરે છે,
જે કોઈ પણ ઇમામથી સંબંધ ધરાવે છે, તે સમૃદ્ધિ અને સલામતી પ્રાપ્ત કરે છે,

તેઓ (ઇમામ) પ્રેમથી ઉચ્ચ સ્થાને બિરાજમાન થાય છે, જેઓ મારા રક્ષક છે,
તેઓ (ઇમામ) પ્રેમથી ઉચ્ચ સ્થાને બિરાજમાન થાય છે, જેઓ મારા રક્ષક છે.

તેમનો બુલંદ દરજ્જો તેમની (ઇમામતના) મર્તબાથી વિનમ્રતાએ પહોંચેલ છે,
તેમનો બુલંદ દરજ્જો તેમની (ઇમામતના) મર્તબાથી વિનમ્રતાએ પહોંચેલ છે.

ઓ પૈગમ્બરોના નાયબ! ઓ નાયબોના વંશજ!
ઓ પૈગમ્બરોના નાયબ! ઓ નાયબોના વંશજ!

મારો પ્રેમ અને મારી આધીનતા આપના માટે જ છે,
મારો પ્રેમ અને મારી આધીનતા આપના માટે જ છે.

મારી દુઆ-બંદગી અને મારી ગિરિયાઝારી આપના માટે જ છે,
મારી દુઆ-બંદગી અને મારી ગિરિયાઝારી આપના માટે જ છે.

ઓ મારી અપવિત્રતાને પવિત્ર કરનાર! ઓ ન્યામતોની નવાઝીશ કરનાર દયાળુ!
ઓ મારી અપવિત્રતાને પવિત્ર કરનાર! ઓ ન્યામતોની નવાઝીશ કરનાર દયાળુ!

મારો સર્વસ્વ પ્રેમ અને મારી દુઆ-બંદગી, મારો સર્વસ્વ પ્રેમ અને મારી દુઆ-બંદગી.
હું જીવંત છું ત્યાં સુધી આપના માટે જ છે, હું જીવંત છું ત્યાં સુધી આપના માટે જ છે.

ઓ મારા ઇમામ! ઓ મારા ઇમામ! આપ જ મારો ખજાનો છો અને આપ જ મારી ખ્વાહીશ છો.
ઓ મારા ઇમામ! ઓ મારા ઇમામ! આપ જ મારો ખજાનો છો અને આપ જ મારી ખ્વાહીશ છો.

આપ જ મારા હૃદયની રોશની છો, આપ જ મારા હૃદયની રોશની છો.
આપ જ મારો પ્રેમ છો, આપ જ મારા રક્ષક છો, આપ જ મારો પ્રેમ છો, આપ જ મારા રક્ષક છો.

૨૫

કસીદા – યા ઇમામી યા ઇમામી

યા ઇમામી યા ઇમામી, અન્ત ઝુખ્રી વ મરામી
યા ઇમામી યા ઇમામી, અન્ત ઝુખ્રી વ મરામી
અન્ત નૂરુન ફી કુઆદી, અન્ત નૂરુન ફી કુઆદી
અન્ત ઉશ્કી વ હયામી; અન્ત ઉશ્કી વ હયામી

કુલ્લુ મન વ અલલ ઇમામા, નાલ મઝદન વ સલામા
કુલ્લુ મન વ અલલ ઇમામા, નાલ મઝદન વ સલામા

અર્તકા લિલ હબ્બી હામા, અર્તકા લિલ હબ્બી હામા
સામી ખનૂઆ લિલ મકામી, સામી ખનૂઆ લિલ મકામી

યા વસીઅલ અંબિયાઈ, યાસલીલ ઔસિયાઈ
યા વસીઅલ અંબિયાઈ, યાસલીલ ઔસિયાઈ

લક હબ્બી વ વલાઈ, લક હબ્બી વ વલાઈ
વ સલાતી વ દુઆઈ, વ સલાતી વ દુઆઈ

યા અઝિમલ કુદુરાતી, યા સખીઅન ફીલ હિબાતી
યા અઝિમલ કુદુરાતી, યા સખીઅન ફીલ હિબાતી

કુલ્લુ હબ્બી વ સલાતી, કુલ્લુ હબ્બી વ સલાતી
લક માઝા મત હયાતી, લક માઝા મત હયાતી

યા ઇમામી યા ઇમામી, અન્ત ઝુખ્રી વ મરામી
યા ઇમામી યા ઇમામી, અન્ત ઝુખ્રી વ મરામી
અન્ત નૂરુન ફી કુઆદી, અન્ત નૂરુન ફી કુઆદી
અન્ત ઉશ્કી વ હયામી, અન્ત ઉશ્કી વ હયામી

મોઝેઇક જરૂર - કીરોજ અજમા ઈમરજન્સી
બા મોમિન ઈંડુ - બચાવજો, અજમા ઈમરજન્સી

~~અને~~ મીનલ ખુશરીદે - માબાપને, આશીર્વાદ
શામુએ - ઈલમે - મરમુજ, અજમા ઈમરજન્સી

કલામે દીલકુશો - ઈલમે - ઈલાહી
દીલ અલગજિકો - દીલ અંકુશ, અજમા ઈમરજન્સી -

દીલે આઈન દીલના શા, ઈલમે તીકુંદ
નીકલ અમોઝો - દીલ દોજ, અજમા ઈમરજન્સી

મકાનમાં ચેતન, શમાઈ જકાતનાબ
કીરોજના જુદે પુરસોજ, અજમા ઈમરજન્સી

6 બાકર ફરદિ - જમીન, દર કુમાડીલ
ઈનાયત બક્શો - દીપ સોજ અજમા ઈમરજન્સી
7 જે મકાલ બાનો એ નાનીના - અમો - દીનાશા
ઈમાને - દાનીશ અમોજ, અજમ ઈમરજન્સી
8 કુલર કુચ નારશકુંદ, અમો નમાકુબ
બશા બકુમાર એ કીરોજ અજમા ઈમરજન્સી

શુકુન આબાદ કુ દર બંદમે - જકુંબ તીલ
જકુંબ ચક જમના અડુશોજ અજમા ઈમરજન્સી

Thrust-240

ઉદાહરણ - ૧-૬ આદીમ બંજુ ફરદિ - અત્યાર બીજ કોણ આદ
મોઝેઇક જરૂર કીરોજ અજમા ઈમરજન્સી

Lemolat-10. ૧-૧૧

ભાગ-૬.